
Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ.

जेण विणा लोगस्स वि, ववहारो सव्वहा न निव्वडइ ।
तस्स भुवणेक्कगुरुणो, नमो अणेगंतवायस्स ॥

( सन्मतौ श्रीसिद्धसेनदिवाकरः । )




आ.श्री कैलाससागर सूरि ज्ञान मंदिर
श्री महावीर जैन आराधना केन्द्र, कोबा

( શ્રી દ્વાદશાર નયચક્રનો ખાસ અંક )

પુસ્તક ૪૫ મું અંક ૭ મો. માહા-ફેબ્રુઆરી સં. ૨૦૦૪ આત્મ સં. ૫૨

—: પ્રકાશક-શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર :—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# મુખપૃષ્ઠ ઉપરના ચક્રચિત્રનો પરિચય.

વાદિપ્રભાવક તાર્કિકશિરોમણિ આચાર્યપ્રવર શ્રીમલ્લવાદિક્ષમાશ્રમણશ્રીએ જે અતિગંભીર વિશાલકાય **द्वादशारनयचक्र** નામના નયશાસ્ત્રની રચના કરી છે તેના યથાર્થ નામનો સ્પષ્ટ ખ્યાલ આપતું આ ચિત્ર છે. રથ વગેરેના ચક્રમાં જેવા વિભાગો હોય છે તેવા વિભાગોની ગ્રંથકારે આ મહાશાસ્ત્રમાં સુંદર રીતે ગોઠવણ કરી છે.

પ્રસ્તુત ગ્રંથમાં અનુક્રમે **विधि** આદિ બાર અર, **द्वादशारान्तर** તથા **नयचक्रतुम्ब** એવા મુખ્ય વિભાગો છે.

રથના ચક્રમાં જેમ આરાઓ હોય છે તેમ નયચક્ર ગ્રંથમાં એક પછી એક અનુક્રમે **१ विधि २ विधिविधि** આદિ નયોનું નિરૂપણ કરતા તે જ નામના બાર આરાઓ છે. આ બાર નયારો પૈકી પ્રારંભના **विधि** આદિ છ નયારો દ્રવ્યાર્થિક છે અને અંતના **विधिनियमयोर्विधिनियमौ** આદિ છ નયારો પર્યાયાર્થિક નયના ભેદો છે. રથના ચક્રમાં આરાઓ ઉપર જેમ અનેક ખંડોની નેમિ હોય છે તેમ અહીં **१ विधिभङ्गचतुष्टय, २ विधिनियमोलयभङ्गचतुष्टय** તથા **३ नियमभङ्गचतुष्टय** રૂપી ત્રણ **मार्ग** અર્થાત્ ત્રણ **नेमि** છે. રથના ચક્રમાં જેમ એક બીજા આરા વચ્ચે શુષિરભાગ ( પોલાણ ) રૂપી અંતર હોય છે તેમ અહીં એક બીજા નયો વચ્ચે જે પરસ્પર વિચારભેદ છે તે **अरान्तर** છે. રથના ચક્રમાં જેમ બધા આરાઓને અનાબાધપણે સ્થિરરૂપે ટકી રહેવા માટેના સ્થાનભૂત નાભિ હોય છે તેમ અહીં **स्याद्वाद** રૂપી **नाभि** છે, જેમાં તમામ **विधि** આદિ નયરૂપી આરાઓ નિરાબાધપણે પ્રતિષ્ઠિત થઇને રહેલા છે. આ **स्याद्वादनाभि**નું જ નામ **नयचक्रतुम्ब** ( તુંબનાભિ છે. )

ચક્રને, ફરતો જેમ લોહપટ્ટ( લોઢાનો પાટો ) હોય છે તેમ અહીં પણ પટ્ટરૂપે **नयचक्र** શાસ્ત્ર ઉપર દર્શનશાસ્ત્રપારંગત પરમવિદ્વાન્ આચાર્યવર **श्री सिंहसूर** ગણિવાદિક્ષમણશ્રીએ રચેલી ૧૮૦૦૦ શ્લોકપ્રમાણ અતિ-ગંભીર અને અતિવિસ્તૃત **न्यायागमानुसारिणी ' नयक्रवाल '** નામની વૃત્તિ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# શ્રી આત્માનંદ પ્રકાશ.

... પ્રકાશકઃ—શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર ...

| | | |
|---|---|---|
| વીર સં. ૨૪૭૪. | માહ | પુસ્તક ૪૫ મું. |
| વિક્રમ સં. ૨૦૦૪. | :: તા. ૨૦ ફેબ્રુઆરી ૧૯૪૮ :: | અંક ૭ મો |


## નિવેદન

અમારી માનવંતી 'શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર' તરફથી **દ્વાદશારનયચક્રવાલવૃત્તિ**ના પ્રકાશનની જે વિસ્તૃત યોજના કરવામાં આવી છે, એ ગ્રંથમાં શું વસ્તુ છે ? એ ગ્રંથનું માત્ર જૈન દાર્શનિક સાહિત્યમાં જ નહિ, કિન્તુ સમગ્ર ભારતીય દાર્શનિક સાહિત્યમાં કેવું મહત્ત્વનું સ્થાન છે ? એ ગ્રંથના પ્રણેતા તાર્કિકચક્રવર્ત્તી આચાર્ય શ્રીમલ્લવાદી તથા તેની ટીકાના પ્રણેતા સમર્થ તાર્કિક આચાર્ય શ્રીસિંહસૂરગણી વાદી ક્ષમાશ્રમણ સમસ્ત સ્વ-પરવાઙ્મયવિષયક પાંડિત્યના ક્ષેત્રમાં કેવું વિશાળ પ્રભુત્વ ધરાવતા હતા ? એ ગ્રંથનું પ્રકાશન વિદ્યમાન તેમ જ અવિદ્યમાન ભારતીય આર્ય દાર્શનિક સાહિત્ય, તેની વિવિધ વિચારધારાઓ અને તેને લગતા ઇતિહાસ ઉપર કેવો વ્યાપક અને વિશિષ્ટ પ્રકાશ પાડશે ? ઇત્યાદિ વિગતોને રજુ કરતી રસપ્રદ લેખમાળા આ માસિકમાં રફતે રફતે પ્રકાશિત કરવામાં આવશે. અમે આશા રાખીએ છીએ કે આ લેખમાળા માત્ર વિદ્વાનોને જ નહિ, પરંતુ સામાન્ય રીતે સાહિત્યના ક્ષેત્રમાં રસ ધરાવનાર રસિક આમજનતાને પણ રસપ્રદ બનશે. પ્રસ્તુત લેખમાળા પૈકીનો પ્રથમ લેખ, એક ખાસ અંક તરીકે, અમે વિજ્ઞ વાચકોના કરકમળમાં ઉપહૃત કરવા આજે ભાગ્યશાળી બન્યા છીએ.

આ લેખમાળાના લેખક, પરમપૂજ્ય પ્રાતઃસ્મરણીય વયોવૃદ્ધ ચારિત્રિચૂડામણિ અવિરત-જિનાગમાદિસંશોધનસ્વાધ્યાયાદિપરાયણ દીર્ઘતપસ્વી શાન્તમૂર્ત્તિ આચાર્યભગવાન્ શ્રી ૧૦૦૮ શ્રીવિજયસિદ્ધિસૂરીશ્વરજી મહારાજશ્રીના વિદ્વાન્ શિષ્ય આચાર્યપ્રવર કર્મશાસ્ત્રનિષ્ણાત શ્રી ૧૦૦૮ શ્રીવિજયમેઘસૂરીશ્વરજીના સચ્ચારિત્રપાત્ર મહાનુભાવ શિષ્ય શ્રી ભુવનવિજયજીના વિદ્વાન્ પુત્ર–શિષ્ય મુનિવર શ્રીજંબૂવિજયજી મહારાજ છે. એઓશ્રીએ અમારી સભા તરફથી પ્રસિદ્ધ થનાર પ્રસ્તુત **દ્વાદશારનયચક્રવાલવૃત્તિ** ગ્રંથના વિશિષ્ટ–વિશિષ્ટતમ સંશોધન અને સંપાદનને લગતો સમગ્ર ભાર સ્વીકારીને અમારી સભાને આભારી બનાવી છે.

લિ. શ્રી જૈનઆત્માનંદસભા–ભાવનગર–વતી

**વલ્લભદાસ ત્રિભુવનદાસ ગાંધી.**

સેક્રેટરી, શ્રી જૈ. આ. સ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

॥ जयन्ति जिनेन्द्राः ॥

# તાર્કિકશિરોમણિ નયવાદપારંગત વાદિપ્રભાવક આચાર્ય શ્રીમલ્લવાદિ ક્ષમાશ્રમણવિરચિત નયચક્રનો સંક્ષિપ્ત પરિચય.

## નામ.

પ્રસ્તુત લેખમાં અત્યાર સુધી અપ્રકાશિત– અમુદ્રિત છતાં સામાન્ય રીતે અનેક દૃષ્ટિએ સમગ્ર ભારતીય દાર્શનિક ઇતિહાસમાં અદ્વિતીય સ્થાન ધરાવતા અને જૈન પરંપરામાં તો વિશેષે કરીને અનેકાનેક દૃષ્ટિએ અદ્વિતીય તથા અત્યુચ્ચ સ્થાન ધરાવતા જે વિશાલકાય દાર્શનિક ગ્રંથનો પરિચય આપવામાં આવે છે તેનું નામ **નયચક્ર** છે. આને જ 'દ્વાદશાર' એવા વિશેષણ સાથે **દ્વાદશારનયચક્ર** એવા નામથી પણ વ્યાપક રીતે ઓળખવામાં આવે છે.

" **श्वेताम्बराणां सम्मतिः, नयचक्रवालः, स्याद्वादरत्नाकरः, रत्नाकरावतारिका, तत्त्वार्थः, प्रमाणवार्तिकम्......इत्येवमादयः** " આ પ્રમાણે **ષડ્દર્શનસમુચ્ચય**ની **ગુણરત્નસૂરિ**કૃત બૃહદ્વૃત્તિમાં ( પૃ. ૧૦૭ ) જે જૈન ન્યાયગ્રંથોની સંક્ષિપ્ત તાલિકા–સૂચી આપેલી છે તેમાં આવતા ઉલ્લેખ પ્રમાણે આ જ ગ્રંથની **नयचक्रवाल** એવા નામથી પણ એક સમયે પ્રસિદ્ધિ હશે એમ લાગે છે.

આ ગ્રંથના સંશોધનનું કાર્ય પ્રાચીન કહી શકાય તેવી ચાર પ્રતિઓના આધારે અત્યારે ચાલી રહ્યું છે કે જે નીચે મુજબ છે.

૧ લીંબડી, જૈન જ્ઞાનભંડારની પ્રતિ.

૨ પાટણ, તપાગચ્છ જૈન જ્ઞાનભંડારની પ્રતિ.

૩ વિજયાનંદસૂરિ જૈન જ્ઞાનમંદિર જીરાની પ્રતિ.

૪ કાશીના યતિ શ્રીહીરાચંદ્રજીની પ્રતિ.

આ પ્રતિઓના વ્યવહારસૌકર્ય માટે અમે અનુક્રમે **लीं० पा० वि० ही०** એવા સંકેતો રાખ્યા છે. આ પ્રતિઓ પૈકી **लीं०** અને **पा०** પ્રતિઓમાં પણ પહેલા પ્રારંભના પાનાના હાંસિયામાં **नयचक्रवालटीका** એવો નામોલ્લેખ છે. એટલે એમ જરૂર લાગે છે કે '**નયચક્રવાલ**' એ નામનો તે સમયે પણ પ્રચાર હતો. આ નામની સંગતિ–અસંગતિ વિષેની વિવેચનામાં ઊતરવાનું આ સ્થાન નથી.[1] પણ એટલું તો ખરું જ કે '**નયચક્ર** અથવા **દ્વાદ**-

---

૧. મને તો વિચાર કરતાં એમ જણાય છે કે नयचक्रवाल એ ટીકાનું નામ છે, અને नयचक्र એ ભગવાન શ્રીમલ્લવાદિકૃત ગ્રંથનું નામ છે. वल सवरणे ( पाणिनिधातुपाठ ), नयचक्रं वलत इति नयचक्रवालः– આ પ્રમાણે વ્યુત્પત્તિના ઔચિત્યથી નામયોજના બરાબર યુક્ત જણાય છે. જેમ ચક્રને ફરતો ચક્રવાલ-ગોળ પટ્ટ હોય છે, તેમ અહિં પણ ટીકાનું **નયચક્રવાલ** એવું મૂલાનુરૂપ જ નામ જણાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**શારનયચક્ર**'એ નામથી જ ગ્રંથની વ્યાપક રીતે અત્યારે તો પ્રસિદ્ધિ છે. તેમ જ ગ્રંથના તે તે વિભાગોને અંતે આવતી પુષ્પિકાઓમાં–સંધિવાકયોમાં પણ '**નયચક્ર**' અથવા 'દ્વાદશાર' એવા વિશેષણ સાથે '**દ્વાદશારનયચક્ર**' એવો જ નામોલ્લેખ છે.

## વિવક્ષિત નયચક્ર

એક જ નામ ધરાવતા અનેક ગ્રંથો ભિન્ન ભિન્ન સંપ્રદાયમાં રચાયા હોય એવાં અનેક ઉદાહરણો સાહિત્યના ઇતિહાસમાં મળી આવે છે. ઉદાહરણ તરીકે 'તર્કભાષા' નામનો બૌદ્ધ-વિદ્વાન્ **મોક્ષાકર** ગુપ્ત–વિરચિત એક બૌદ્ધન્યાયનો ગ્રંથ છે, જે લગભગ ધર્મકીર્તિના ન્યાયબિન્દુને અનુસરતો છે. બીજો **કેશવમિશ્ર**કૃત '**તર્કભાષા**' નામનો પણ ગ્રંથ છે જે અક્ષપાદના ન્યાયસૂત્રને અવલંબીને છે. ત્રીજો ઉપાધ્યાયજી શ્રી**યશોવિજયજી** મહારાજ-વિરચિત પણ '**તર્કભાષા**' નામનો ગ્રંથ છે જે મુખ્યતયા આ૦ શ્રીવાદિ**દેવસૂરિ**પ્રણીત પ્રમાણનયતત્ત્વાલોકાલંકારનાં સૂત્રોને અનુસરીને જૈન ન્યાયનું પ્રતિપાદન કરનારો છે. આવી જ રીતે **સિદ્ધપ્રાભૃત** નામનો ગ્રંથ શ્વેતાંબર જૈનપરંપરામાં પણ છે તેમજ દિગંબર જૈનપરં-પરામાં પણ છે. તે જ પ્રમાણે **જ્ઞાનાર્ણવ** નામનો એક ગ્રંથ શ્વેતાંબર જૈનપરંપરામાં પણ છે. જેના કર્તા વાચકવર **શ્રી યશોવિજયજી** મહારાજ છે. તેમ જ દિગંબર જૈનપરંપરામાં પણ તે જ નામનો એક ગ્રંથ છે જેના કર્તા **શુભચંદ્રાચાર્ય** છે.

ઉપર જણાવ્યા મુજબ જેમ એક જ નામ ધરાવતા અનેક ગ્રંથો છે તે પ્રમાણે પ્રસ્તુત **નયચક્ર** નામ ધરાવતા પણ બે ગ્રંથો છે. એક શ્વેતાંબર પરંપરામાં રચાયેલો છે, જ્યારે બીજો દિગંબર પરંપરામાં રચાયેલો છે. પહેલાના રચયિતા વાદિપ્રભાવક તરીકે જૈન શાસનમાં વ્યાપક રીતે જેમનું નામ ગવાય છે તે આચાર્યપ્રવર **શ્રીમલ્લવાદિ** ક્ષમાશ્રમણ છે, જ્યારે બીજાના કર્તા **દેવસેન** નામના દિગંબર પરંપરામાં થયેલા આચાર્ય છે. અહીં જે ગ્રંથનો સંક્ષિપ્ત પરિચય આપવામાં આવશે તે પ્રથમ **નયચક્ર** હોઇ આ૦ શ્રી **મલ્લવાદિ**ક્ષમાશ્રમણ-કૃત **નયચક્ર** જ પ્રસ્તુત છે. બીજી પણ એક વાત ખ્યાલમાં રાખવી ઘટે કે આ નયચક્ર ઉપર **સિંહસૂર**ગણિ ક્ષમાશ્રમણવિરચિત એક અતિ વિસ્તૃત ટીકા છે, તેનો પણ પરિચય કવચિત્ પૃથક્ તો કવચિત્ સાથે સાથે જ અહીં આવી જશે

## રચનાશૈલી.

ગ્રંથની રચનાશૈલી નીચે મુજબ છે.

સૂત્ર.
|
ભાષ્ય ( ગદ્યબદ્ધ ).
|
ટીકા. ( ગદ્યબદ્ધ ).

મૂળ સૂત્ર છે. સૂત્ર ઉપર આ૦**શ્રી મલ્લવાદિ** ક્ષમાશ્રમણકૃત ભાષ્ય છે અને તેના ઉપર આ૦ **શ્રીસિંહસૂર** ગણિ ક્ષમાશ્રમણવિરચિત ટીકા છે. ઉપર સૂત્રનું નામ વાંચીને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કોઇ એવી કલ્પના કરે એ સ્વાભાવિક છે કે આ સૂત્રગ્રંથ ભગવાન **ઉમાસ્વાતિ**પ્રણીત **તત્ત્વાર્થ સૂત્ર** જેવો યા અક્ષપાદ–કણાદાદિપ્રણીત ન્યાય–વૈશેષિકાદિ સૂત્ર ગ્રંથો જેવો ગદ્યબદ્ધસૂત્રસમૂહાત્મક હશે, અથવા તો **શ્રી** સિદ્ધસેનદિવાકરપ્રણીત સમ્મતિપ્રકરણ જેવો યા ઇશ્વરકૃષ્ણપ્રણીત સાંખ્યસપ્તતિ વિગેરે જેવો કારિકાસમૂહાત્મક હશે. વાંચકોને જાણીને આશ્ચર્ય થશે કે અહીં જેને સૂત્ર તરીકે ગણવામાં–વર્ણવવામાં આવ્યું છે અને જે આ વિશાળકાય ગ્રંથનો એક માત્ર આધાર છે તે માત્ર એક જ ગાથારૂપ છે, નથી તો એ સૂત્રસમૂહાત્મક, તેમ નથી એ કારિકાસમૂહાત્મક; છતાં આવડા નાના આધાર ઉપર ૧૮૦૦૦ શ્લોકપ્રમાણ વિશાળ વિવેચનનું ચણતર ચણવામાં આવ્યું છે.

ગ્રંથની રચનાશૈલી ઉપર જણાવ્યા મુજબની હોવા છતાં એક મહાન દૌર્ભાગ્યની વાત એ છે કે નયચક્રના ઉપલબ્ધ તમામ હસ્તલિખિત આદર્શોમાં માત્ર આ.શ્રી **સિંહસૂર** ગણિ ક્ષમાશ્રમણનું વિશાળ વિવરણ જ મળે છે, ગાથાત્મક સૂત્રનો તથા ભાષ્યનો તેમાં પ્રતીકરૂપે નિર્દેશ આવે છે એટલું જ. એટલી વળી મહાન આનંદની વાત છે કે ઉપલબ્ધ આદર્શોમાં ગાથાસૂત્ર માત્ર પ્રતીકરૂપે ઉપલબ્ધ હોવા છતાં પ્રભાવકચરિત્રના મલ્લવાદિપ્રબંધમાં (શ્લોક. ॥ ૨૧ ॥), જૈન તર્કવાર્તિકમાં (પૃ. **૧૧૨**) તથા ઉત્પાદાદિસિદ્ધિવિવરણ (પૃ. ૨૨૨) વિ૦માં અખંડરુપે ઉદ્ધૃત કરેલું મળી આવે છે. નહિતર ટીકાકારની વ્યાખ્યાનશૈલી એવી છે કે પ્રતીકોના આધારે મૂળ ગ્રંથને બરાબર તે જ સ્વરુપમાં અખંડ રીતે તૈયાર કરવો એ અતિદુર્ઘટ કામ છે. આ ગાથાસૂત્ર સંબંધી અધિક હકીકત આગળ આવશે. અહીં ફક્ત તેનો ઉલ્લેખ કરું છું.

**विधि-नियमभङ्गवृत्तिव्यतिरिक्तत्वादनर्थकवचोवत्। जैनादन्यच्छासनमनृतं भवतीति वैधर्म्यम् ॥१॥**

ઉપર જણાવ્યા મુજબ અન્ય ગ્રંથોમાં ઉદ્ધરણરુપે સચવાઇ રહેલું ગાથાસૂત્ર મળી આવે છે એ મહાન આનંદની વાત છે જ. છતાં મહાખેદની વાત છે કે એના ઉપરનું આ. શ્રી **મલ્લવાદિ**કૃત **ભાષ્ય** હજુ સુધી કયાંયથી ઉપલબ્ધ થયું નથી. ટીકામાં આવતાં પ્રતીકો સિવાય એના માટે અત્યારે તો બીજી કોઇ ગતિ નથી. એ તો દીવા જેવી સ્પષ્ટ વાત છે કે આ ટીકાનો આધાર જ ભાષ્ય છે. આ વાત ટીકાના પ્રારંભમાં જ ટીકાકારે જાતે વર્ણવેલી છે. એ પ્રારંભનો ભાગ નીચે મુજબ છે.

जयति **नयचक्रनिर्जितनिःशेषविपक्षचक्रविक्रान्तः** ।
**श्रीमल्लवादिसूरिर्जिनवचननभस्तलविवस्वान्** ॥ १ ॥

**तत्प्रणीतमद्वार्थयथार्थनयचक्राख्यशास्त्रविवरणमिदमनुव्याख्यास्यामः**। આમાં પહેલી આર્યાથી ટીકાકારે મંગલાચરણ કર્યું છે. ત્યારપછી, પોતે શું કરવાના છે એ જણાવતી ટીકાકારની પ્રતિજ્ઞા છે. આ પ્રતિજ્ઞામાં આવતા **अनुव्याख्यास्यामः** શબ્દથી જ સ્પષ્ટ છે કે ટીકાકાર 'ભાષ્યાત્મક વ્યાખ્યાન' ઉપર વ્યાખ્યાન રચી રહ્યા છે, એટલે ટીકાના આધારભૂત ભાષ્યની પ્રાપ્તિ ન હોવાને લીધે મૂળ વિનાની શાખા જેવી ટીકાની સ્થિતિ થઇ ગઇ છે એમ કહીએ તો તે ખોટું નહીં ગણાય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એક તો આ ગ્રંથ એની અંદર આવતી અનેકાનેક સ્વપર સમયના શાસ્ત્રોનું દોહન કરીને ચર્ચેલી અતિવિસ્તૃત ચર્ચાઓથી સ્વયં જ દુર્ગમ–ગહન છે, તેમાં વળી આ ભાષ્યની અપ્રાપ્તિનો ઉમેરો થવાથી ગ્રંથની ગહનતા–કિલષ્ટતા વિષે કંઈ પૂછવાનું જ નથી. તેમ છતાં કેટલીક વાર એમ પણ હોય છે કે ટીકાકારની વ્યાખ્યાનશૈલી એવા પ્રકારની હોય છે કે એમાં પ્રત્યેક પદનો ક્રમશઃ અર્થ આપવામાં આવ્યો હોય છે. સામાસિક પદોનું પૃથક્કરણ કરીને પુનઃ સામાસિક પદો આપવામાં આવ્યાં હોય છે. મૂળના શબ્દોનું વિવેચન કરીને પોતે તેના ઉપર કંઇક ચર્ચવા ઇચ્છતા હોય તો **अत्रेदं विचार्यते, अत्र प्राहुः, अत्र परे प्रेरयन्ति, अत्र...मतानुसारिणः** વિગેરે શબ્દોથી પોતાના વિવેચનનો સ્વતંત્ર ઉપક્રમ કરવામાં આવ્યો હોય છે, તેમ જ **इत्यलमतिप्रसङ्गेन, अथ प्रकृतमुच्यते** વિગેરે શબ્દોથી પોતાના સ્વતંત્ર વિવેચનનો અંત પણ સૂચિત કરવામાં આવ્યો હોય છે.—આવી આવી જો સુગમ સામગ્રી હોય તો કદાચિત્ લુપ્ત થઈ ગયેલા મૂળનો પણ ટીકાના આધારે ઉદ્ધાર, ભલે સર્વાંશે નહિ, તો પણ, મહદંશે અવશ્ય કરી શકાય છે. અને એ ઘણીખરી રીતે અખંડ અને સાચો પણ હોય છે. આમ ટીકાના આધારે ગ્રંથનો પણ ઉદ્ધાર થઇ જાય છે, અને મૂળગ્રંથનો ઉદ્ધાર થવાથી ટીકાને પણ યોગ્ય અભ્યાસી સરળતાથી સમજી શકે છે.

પરંતુ પ્રસ્તુત ટીકામાં બહુધા ભિન્ન સ્થિતિ છે. ઘણાં જ સ્થળોએ ટીકાકાર મૂળના પાઠને **इत्यादि यावत्**થી જ આપી દે છે. **इत्यादि–यावत्**થી નિર્દિષ્ટ વચલા ભાગમાં આવતા જરૂરી જરૂરી શબ્દોનો જ કેટલીક વાર અર્થ આપે છે. કેટલીક વાર તો વળી ભાવાર્થ જ આપી દે છે. કેટલીક વાર તો **इत्यादि यावत्** નિર્દિષ્ટ ભાગનો ભાવાર્થ અવતરણિકામાં આવી જતો હોવાથી કંઈ વિવેચન જ કરતા નથી. કેટલીકવાર ટીકા અને મૂળ મિશ્રિત થઈ જવાથી એવાં સંકુલિત થઈ જાય છે કે મૂળ ટીકામાં હોય છતાં ય તારવવું મુશ્કેલ બની જાય છે. આ હકીકતના ઉદાહરણ તરીકે નીચેનો પાઠ જોવા જેવો છે.

"**अपि च 'लौकिकव्यवहारोऽपि इत्यादि यावद् व्यामोहोपनिबन्धनम्' इति ।**

**सातिशयबुद्धिभिरपि परीक्षकैर्निरतिशय लोकप्रसिद्ध्यनुवर्तिभिः परात्ममतविशेषप्रतिपत्तिनिराकरणतत्त्वप्रतिपादने कार्ये इतरथा साक्षिविरहितव्यवहारवदनियतार्थैव परीक्षा स्यात् । लौकिकास्तु नित्या–ऽनित्या–ऽवक्तव्या ह्यनेकान्तरूपमेव घटादिकमर्थमव्युत्पन्ना अपि प्रतिपद्य व्यवहरन्तो दृश्यन्ते । तदपह्नुवत (ह्न?)प्रवृत्तयश्चैकान्तवादाः तत्र शेषशासनेषु साध्विदं साधुत्विदमिति विचारो व्यामोहस्यैव निबन्धनं हेतुरित्यर्थः, विचारानवकाशाद् विसंवादाच्च ।**"

આ. શ્રી. **મલ્લવાદિ**એ ગ્રંથના પ્રારંભમાં જે ભૂમિકા રચેલી છે તેમાંના એક અનુષ્ટુપ્–છંદાત્મક શ્લોકની આ ટીકા છે. ટીકાકારે આ શ્લોકનાં **लौकिकव्यवहारोऽपि** અને **व्यामोहोपनिबन्धनम्** આ બે અનુક્રમે આદ્ય અને અંતિમ ચરણો પ્રતીકરુપે લીધાં છે. આખો શ્લોક **ઉત્તરાધ્યયન પાઇય ટીકા**( પૃ. ૨ ) તથા **પ્રવચનસારોદ્ધાર** ટીકા( પૃ. ૨ )માંથી નીચે મુજબ અમને ઉદ્ધરણરુપે જડી આવ્યો છે.

"**लौकिकव्यवहारोऽपि न यस्मिन्नवतिष्ठते । तत्र साधुत्वविज्ञानं व्यामोहोपनिबन्धनम् ॥१॥**"

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ટીકાની શૈલીનું નિરીક્ષણ કરવાથી સહેલાઈથી સમજાશે કે ટીકાના આધારે વચલાં બે ચરણોનો ઉદ્ધાર કરવો કેટલો બધો દુષ્કર છે?

બીજા ગ્રંથોમાં અવતરણો મળી આવવાથી મૂળ તારવવામાં ઘણી સહાય મળે છે. અમે આ રીતિનો પણ ઉપયોગ કરી જોયો. પણ એમાં ખાસ કહી શકાય તેવી કશી સફળતા ન મળી. એટલું થયું કે ઉપર જણાવેલો શ્લોક અને **विधि-नियमभङ्गवृत्ति**......આ ગાથાસૂત્ર ઉદ્ધરણરુપે અન્ય ગ્રંથોમાંથી અમને મળી આવ્યાં. બાકી જૈન દાર્શનિક અને આગમિક સાહિત્યને લગતી જેટલી સામગ્રી મળી તેનો મોટો ભાગ અમે તપાસી ગયા. પણ એમાંય ખાસ કંઈ સફળતા ન મળી. અનેકાન્તજયપતાકા તથા ધર્મસંગ્રહણી વૃત્તિમાં **मल्लवादि**ના નામે જે અવતરણો જોયાં તે પણ **સંમતિ**ની આ૦ શ્રી૦ **મલ્લવાદિ**કૃત જે વ્યાખ્યા હતી તેમાંનાં જ હશે એમ લાગે છે. પાછલા ઉપલબ્ધ જૈન દાર્શનિક ગ્રંથોમાં આનું શાબ્દિક અનુસરણ પણ કંઇ જોવામાં ન આવ્યું. આવા મહાન દર્શનપ્રભાવક ગ્રંથનું પાછળના ગ્રંથોમાં અનુકરણ કેમ નથી થયું? એવો મનમાં પ્રશ્ન ઊભો થાય એ સ્વાભાવિક છે, પણ આનાં કારણોની વિવેચનામાં ઊતરવાનું આ સ્થાન ન હોવાથી જે વસ્તુસ્થિતિ છે તે માત્ર જણાવી છે.

ગ્રંથની ઉપલબ્ધિ-અનુપલબ્ધિ પાછળ પણ એક ઈતિહાસ રહ્યો હોય એમ લાગે છે. વિક્રમના તેરમા શતકમાં, કલિકાલસર્વજ્ઞ શ્રીમાન હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજના ગુરુબંધુ શ્રી **પ્રદ્યુમ્નસૂરિ**ના શિષ્ય **ચન્દ્રસેનાચાર્યે** ઉત્પાદાદિસિદ્ધિ નામના એક સુંદર અર્થગંભીર પ્રકરણની રચના કરી છે. આમાં **उत्पाद्-व्यय-ध्रौव्ययुक्तं सत्** એ વાતને સિદ્ધ કરવાનો મુખ્યતયા પ્રયત્ન છે. પણ આડકતરી રીતે અનેક વાદોનું વિશદનિરુપણ એમાં આવે છે. આ પ્રકરણના લગભગ બરાબર અંતભાગમાં નીચે મુજબ ઉપસંહાર આવે છે.

**अत एव तदागमादपरागमानामनृतत्वम्, उक्तञ्च मल्लवादिना—**

" विधि–नियमभङ्गवृत्तिव्यतिरिक्तत्वादनर्थकवचोवत् ।
जैनादन्यच्छासनमनृतं भवतीति वैधर्म्यम् ॥ १ ॥ "

**एतत्कारिकाविशेषभावार्थः स्वस्थानादवसेयः । [ उत्पादादिसिद्धि॰ पृ. २२२ ]**

આમાં શ્રી**ચન્દ્રસેના**ચાર્યે પ્રસ્તુત ગ્રંથના પરમમૂલભૂત ગાથાસૂત્રને ઉદ્ધૃત કરીને વિશેષ ભાવાર્થ જાણવા માટે એનું સ્વસ્થાન જ જોઇ લેવાની ભલામણ કરેલી છે; કારણ કે આપણે ઉપર જોઇ ગયા તેમ આ ગાથાસૂત્રનો અર્થ આખા નયચક્રમાં વ્યાપી રહેલો છે. એટલે ટૂંકાણમાં એનો અર્થ પતે એમ ન હોવાથી સ્વસ્થાન જોવાની ભલામણ કરવી જ રહી. આ હકીકતનો પ્રસ્તુતમાં એ સંબંધ છે કે ઉપરના આધારે ઉત્પાદાદિસિદ્ધિપ્રકરણની રચના થઇ ત્યાં સુધી નયચક્ર-ભાષ્ય-ટીકા અવશ્ય વિદ્યમાન હોવાં જોઈએ. નહિતર ગ્રંથકાર સ્વસ્થાન લુપ્ત મનાતું હોત તો સ્વસ્થાન જોવાની ભલામણ કરત જ નહિં. પરંતુ એમ લાગે છે કે તે સમયે ગ્રંથના આદર્શો બહુ વિરલ થઇ ગયા હશે ખરા. અને કેટલાક સમય પછી અપ્રાપ્ય પણ થઈ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગયા હશે. આ વાતનો પુરાવો **પ્રભાવકચરિત્રાંતર્ગત મલ્લવાદિપ્રબંધ**માંથી મળી આવે છે. એમાં આ. શ્રી. **મલ્લવાદીએ નયચક્રની** તથા ૨૪૦૦૦ શ્લોકપ્રમાણ '**પદ્મચરિત**' નામક રામાયણની રચના કર્યાનું અને **બુદ્ધાનંદ** નામના બૌદ્ધવાદિનો છ મહિના સુધી રાજસભામાં વાદવિવાદ કરીને પરાજય કર્યા વિગેરેનું જણાવ્યું છે.

પ્રબંધના છેડે નીચે મુજબના બે શ્લોકો છે.

**बुद्धानन्दस्तदा मृत्वा विपक्षव्यन्तरोऽजनि । जिनशासनविद्वेषी प्रान्तकालमतेरसौ ॥ ७२ ॥**

**तेन प्राग्वैरतस्तस्य ग्रन्थद्वयमधिष्ठितम् । विद्यते पुस्तकस्थं तद् वाचितुं स न यच्छति ॥ ७३ ॥**

"જિનશાસન ઉપર દ્વેષબુદ્ધિથી **બુદ્ધાનંદ** મરીને વ્યંતર થયો. પૂર્વભવના વૈરથી આ. શ્રી. **મલ્લવાદિના નયચક્ર** તથા **પદ્મચરિત,** આ બંને ગ્રંથો એ વ્યંતરે અધિષ્ઠિત કર્યા છે. તેથી બંને ગ્રંથો અત્યારે પુસ્તકમાં છે, પણ એ વ્યંતર કોઇને વાંચવા દેતો નથી."

એમ લાગે છે કે આ. શ્રી. **મલ્લવાદિનો નયચક્ર** ગ્રંથ અપ્રાપ્ય થઇ જવાથી ઉપર મુજબની કિંવદંતી પ્રસાર પામી હશે. ટીકા કોઇ પ્રાચીન ભંડારમાં ગુપ્ત રીતે યા પ્રકટ રીતે સચવાઇ રહી હશે છતાં તે પણ કદાચ અજ્ઞાતપ્રાય થઇ ગઇ હશે એમ લાગે છે. નહિતર **પ્રભાવકચરિત્ર**કાર 'આ. શ્રી મલ્લવાદિકૃત મૂળભાષ્ય નથી મળતું, પણ તેની ટીકા મળે છે.' એવો ઉલ્લેખ કર્યા વિના પ્રાયે ન રહેત. ટીકા અજ્ઞાત પ્રાય થઇ ગઇ હશે એનો બીજો પુરાવો એ પણ લાગે છે કે પ્રભાવકચરિત્રકારે **नयचक्रं नवं तेन श्लोकायुतमितं कृतम् ॥ ३४ ॥** 'મલ્લવાદિએ નવું દશ હજાર શ્લોકપ્રમાણનું નયચક્ર બનાવ્યું.' એવું જણાવ્યું છે. ટીકાના પ્રમાણ સાથે સરખાવી જોતાં તેમ જ બીજી દૃષ્ટિએ પણ વિચારતાં મારી સંભાવના છે કે આ સંખ્યા વધુ પડતી છે. જો પ્રભાવકચરિત્રકારને આ ટીકાનો પરિચય હોત તો કર્ણોપકર્ણ ચાલી આવતી આ સંખ્યા ઉપર જરૂર વિચાર કરત એવી મારી કલ્પના છે. અમારી પાસેના **वि. ही.** આદર્શોમાં અંતે ૧૮૦૦૦ શ્લોકપ્રમાણ સંખ્યા આપેલી છે. આ સંખ્યામાન ટીકાનું છે. આની સાથે મૂળનું ૧૦૦૦૦ શ્લોકનું સંખ્યામાન વિચારણીય છે. તત્ત્વ જ્ઞાની જાણે.

પ્રસ્તુત એ છે કે પ્રભાવકચરિત્રની રચના થઇ ત્યારે વિક્રમ સંવત ૧૩૩૪ માં પણ પ્રસ્તુત ગ્રંથ અલભ્ય થઇ ગયો હતો એમ તેના કર્તા શ્રીમાન્ પ્રભાચન્દ્રસૂરિ મ. ના કથન ઉપરથી સ્પષ્ટ જણાય છે.[1]

---

૧. અહીં વિચાર કરતાં એમ જણાય છે કે ભગવાન મલ્લવાદિકૃત નયચક્ર અપ્રાપ્ય થઇ ગયું હશે તેથી જ વિક્રમના ચૌદમા શતકમાં થયેલા આ. શ્રી જિનપ્રભસૂરિમહારાજે **જિનાગમસ્તવમાં** वन्दे विशेषणवतीं सम्मति-नयचक्रवाल-तत्त्वार्थान् । ज्योतिष्करण्डसिद्धप्राभृत-वसुदेवहिण्डीश्च ॥ ४२ ॥ આ પ્રમાણે, નયચક્રને વંદન ન કરતાં, નયચક્રવાલ–કે જે ભગવાન **સિંહસૂર**ગણિ ક્ષમાશ્રમણકૃત ટીકાનું નામ હોવાની પૂર્વે (પૃ. ૧, ના ટિપ્પણમાં) સંભાવના કરવામાં આવી છે–ને જ વંદન કર્યું છે. તે જ પ્રમાણે આ. શ્રીગુણરત્નસૂરિમહારાજે ષડ્દર્શનસમુચ્ચયની વૃત્તિમાં તથા બૃહટ્ટિપ્પનિકાકારે બૃહટ્ટિપ્પનિકામાં '**નયચક્રવાલ**' નામનો જ ઉલ્લેખ કર્યો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ન્યાયવિશારદ ન્યાયાચાર્ય ઉપાધ્યાય શ્રીમાન્ **યશોવિજયજી** મહારાજના નામથી જૈન સમાજમાં ભાગ્યે જ કોઈ અજાણ હશે. નાનામાં નાનાં ગૂજરાતી ભાષાનાં સ્તવન-સજ્ઝાયોથી માંડીને મોટા મોટા અનેકાનેકવિષયાવલંબી આકર ગ્રંથો સુધીની સંખ્યાબંધ કૃતિઓની રચના કરીને માત્ર જૈન સાહિત્યમાં જ નહીં, પણ સમગ્ર ભારતીય વાઙ્મયમાં અમૂલ્ય ફાળો આપીને જૈન તેમજ જૈનેતર સમાજ ઉપર એમણે જે અતિ મહાન્ ઉપકાર કર્યો છે તે એટલો બધો વિશ્રુત છે કે અહીં તેનું પુનરાવર્તન કરવાની જરૂર નથી. જેમ મૌલિક અને સૂક્ષ્મ ચિંતનથી ભરપૂર અનેકાનેક કૃતિઓ કરીને તેમણે ચિરસ્થાયિ યશ મેળવ્યો છે; તેમ આ **નયચક્રટીકા**ના ઉદ્ધારના પુણ્યકાર્યનો યશ પણ એ જ યશોવિજયજી મહારાજના ફાળે જાય છે. આ વાત આપણે એમના શબ્દોના આધારે જ જોઈએ.

**लीं०** સિવાયની ઉપલબ્ધ પ્રતિઓમાં આવતો આદિભાગ નીચે મુજબ છે.

**॥ भट्टारकश्रीहीरविजयसूरीश्वरशिष्यमहोपाध्यायश्रीकल्याणविजयगणिशिष्यपंडितश्रीलाभविजयगणिशिष्यपंडितश्रीजितविजयगणिसतीर्थ्यपंडितश्रीनयविजयगणिगुरुभ्यो नमः ।**

**प्रणिधाय परं रूपं राज्ये श्रीविजयदेवसूरीणाम् ।**
**नयचक्रस्यादर्शं प्रायो विरलस्य वितनोमि ॥ १ ॥ ऐँ नमः ।**

ઉપર જણાવેલો પાઠ **पा०** પ્રતિમાં છે. **वि०** અને **ही०** પ્રતિઓમાં **प्रणिधाय परं रूपं**...થી **ऐँ नमः** સુધીનો જ પાઠ છે. ઉપાધ્યાયજી મહારાજે અતિ દુર્લભ પ્રતિ ઉપરથી જે આદર્શ તૈયાર કરેલો તે જોવાનું હજુ સૌભાગ્ય અમને પ્રાપ્ત થયું નથી. એ કોઈ સંગ્રહમાં વિદ્યમાન હશે કે કેમ ? એ પણ શંકાસ્પદ છે. કોઇ અજ્ઞાત અવિવિક્ત સંગ્રહમાંથી મળી આવે તો એ જુદી વાત છે. અત્યારે તેના ઉપરથી થયેલી અન્યાન્ય નકલો જ મળે છે. **लीं०** પ્રતિના પ્રારંભમાં જો કે આવો કશો ઉલ્લેખ નથી. એમાં માત્ર "**श्रीगोडीपार्श्वनाथाय नमः ॥ श्रीसरस्वत्यै नमः॥ श्रीसद्गुरुभ्योनमः॥ नमः श्रीप्रवचनाय** ॥ આવો જ ઉલ્લેખ છે. છતાં અંતર્ગત ભાગની તુલના કરતાં એમ જણાય છે કે આ પ્રતિ પણ ઉપાધ્યાયજી મહારાજે તૈયાર કરેલા આદર્શ ઉપરથી કરવામાં આવેલી નકલ હોવી જોઈએ.

આ તો આપણે ગ્રંથના પ્રારંભની વાત જોઈ. પણ **ही०** પ્રતિના અંતમાં એક એવી ઘણી જ મહત્ત્વની પુષ્પિકા છે કે જે આ વિષયમાં તદ્દન નવી જ ભાત પાડે છે, કે જે હજુ સુધી અમને બીજી કોઇ પ્રતિમાં મળી નથી. એમાં ઉપાધ્યાયજી મહારાજે પાટણમાં નયચક્ર વાંચ્યાનો તથા તેની કોપી વિગેરે કરવામાં સહાયક થનાર આદિને લગતો મહત્ત્વનો અને અગત્યનો રસિક ઉલ્લેખ આવે છે. એ નીચે મુજબ છે.

**इति श्रीमल्लवादिक्षमाश्रमणपा[द]कृत-नयचक्रस्य तुम्बं समाप्तः( प्तम्) ॥ छः ॥ ग्रन्थाग्रम्-१८००० ॥ श्रीरस्तु ॥ पूर्वं पं० यश(शो)विजयगणिना श्रीपत्तने वाचितम् ॥छः॥**

**आदर्शोऽयं रचितो राज्ये श्रीविजयदेवसूरीणाम् ।**
**संभूय यैरमीषामभिधानानि प्रकटयामि ॥ १ ॥**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



विबुधाः श्रीनयविजया गुरवो जयसोमपण्डिता गुणिनः ।
विबुधाश्च लाभविजया गणयोऽपि च कीर्तिरत्नाख्याः ॥ २ ॥

तत्त्वविजयमुनयोऽपि प्रयासमत्र स्म कुर्वते लिष्यते( लिखने ) ।
सह रविविजयैर्वि(र्वि)बुधैरलिखच्च यशोविजयविबुधः ॥ ३ ॥

ग्रन्थप्रयासमेनं दृष्टा(ष्ट्वा) तुष्यन्ति सज्जना बाढम् ।
गुणमत्सरव्यवहिता दुर्जनदृक् वीक्षते नैन[म्] ॥ ४ ॥

तेभ्यो नमः सूरीणां ( नमस्त )दीयां( यान् ) स्तुवे गुणांस्तेषु मे दृढा भक्तिः ।
अनवरतं चेष्टन्ते जिनवचनोद्भासनार्थं ये ॥ ५ ॥

श्रेयोऽस्तु [ । ]

सुमहानप्ययमुच्चैः पक्षेणैकेन पूरितो ग्रन्थः ।
कर्णामृतं पटुधियां जयति चरित्रं पवित्रमिदम् ॥ ६ ॥

इति समाप्तं छ । छ । छ । छ छ । छ । [ ह्री० पृ. ५३४ ]

'ह्री० પ્રતિની આ પુષ્પિકા છે ' એ ઉપર કહેવાઇ ગયું છે. पा० પ્રતિનાં અંતભાગનાં ૬-૭ પાનાં ગુમ થઈ ગયાં છે યા નષ્ટ થઇ ગયાં છે, એટલે એમાં અંતે કેવી પુષ્પિકા હશે એ જાણવાનું કશું સાધન નથી. સંભાવના છે કે ઉપાધ્યાયજી મહારાજે પાટણમાં જ ગ્રંથ વાંચ્યો હોઈ પાટણમાં જ આદર્શ તૈયાર કર્યો હશે. અને આ पा० પ્રતિ પણ તેના ઉપરથી જ ઘણા ભાગે લખાઇ હશે. તેથી ह्री० પ્રતિવાળી પુષ્પિકા એમાં ઘણાભાગે હોવાનો સંભવ છે. નિર્ણાયક સાધન ન હોવાથી સંભાવના જ માન્યે છૂટકો.

लीं० પ્રતિ હજુ મારી પાસે અડધી જ આવી છે, એટલે તેના અંતની પુષ્પિકા કેવી છે ? એ કશું લખી શકાય તેમ નથી. છતાં ह्री० પ્રતિવાળી પુષ્પિકા એમાં નથી એ વાત તો ચોક્કસ છે.

वि० પ્રતિના અંતની પુષ્પિકા નીચે મુજબ છે.

इति श्रीमल्लवादिक्षमाश्रमणपादकृतनयचक्रस्य तुम्बं समाप्तमिति भद्रम् । ग्रंथमानसंख्या १८००० संवत् १७५३ वर्षे शाके १६१८ प्रवर्तमाने पौषमासे कृष्णपक्षे ३ तिथौ जीववासरे श्री शरषे( खे )जग्रामे लिखितमिदं पुस्तकम् , स च वाच्यमानश्चिरं नन्दतादाचन्द्रार्कमिति करकृतमपराधं क्षन्तुमर्हन्ति सन्तः ।

महोपाध्यायश्रीजशविजयगणिना कृतो ग्रन्थो नयचक्रः शास्त्रः ॥

સંવત્ ૧૭૫૩ની સાલમાં અમદાવાદ પાસે આવેલા સરખેજ ગામમાં ગ્રંથ લખાયો હોય તેમ લાગે છે. અંતમાં લેખકના દોષથી महोपाध्यायजशविजयगणिना कृतः આ તદ્દન ખોટી પંક્તિ પેસી ગઇ છે. ઘણાખરા ભંડારોમાં મળતી નયચક્રની પ્રતિઓ આ वि० ઉપરથી સાક્ષાત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



યા પરંપરાએ થએલી નકલો છે. તેથી બધામાં આ ખોટી પંક્તિ ચાલી આવે છે. આથી જ **નયચક્રતુંબ** નામની ઉપાધ્યાયજી મહારાજે નયચક્ર ઉપર એક ટીકા લખી છે–એવી કલ્પના ક્યાંક ક્યાંક પ્રસાર પામી છે. વાસ્તવિક હકીકત તો ઉપર જણાવી તે છે.

મહાન્ સદ્દભાગ્યની વાત છે કે ઉપાધ્યાયજી મહારાજ તેમના સ્વાભાવિક ઉત્કટ જ્ઞાન પ્રેમથી અને પૂજનીય પ્રયત્નથી તેમને મળી આવેલી અતિ દુર્લભ પ્રતિ ઉપરથી નયચક્રનો આદર્શ તૈયાર કરીને નયચક્રના ઉદ્ધારનું મહત્ પુણ્ય કાર્ય કરતા ગયા છે. જો તેમણે આ કાર્ય ન કર્યું હોત તો જે અત્યારે આપણે ટીકાનાં દર્શન કરી શકીએ છીએ તે કરી શકત કે કેમ ? એ વિષે પૂર્ણ શંકા છે. અધિક સંભવ તો એ છે કે એ પુણ્યનામધેય **વાદિપ્રભાવકના દર્શનપ્રભાવક ગ્રંથના** દર્શનથી આપણે વંચિત જ રહ્યા હોત. કારણ કે ઉપાધ્યાયજી મહારાજે જેના ઉપરથી આદર્શ તૈયાર કરેલો તે પ્રતિ અદ્યાવધિ કોઇ પણ સ્થળેથી પ્રાપ્ત થઇ નથી. કોણ જાણે કોઇ અજ્ઞાત સંગ્રહમાં રહીને કોઇ પુણ્યવાન મહાનુભાવના પ્રયત્નની પ્રતીક્ષા કરી રહી છે, કે કોઈ અવિવિક્ત સમૂહમાં રહીને કોઈ પ્રયત્નશીલ વિવેચકની વિવેચનાની અપેક્ષા રાખી રહી છે, કે પછી એ પણ ભગવતી આંતરિક શબ્દશરીરનું અન્યત્ર સંક્રામણ કરીને પોતાનું અસ્તિત્વ કૃતકૃત્ય થઇ ગયું માનીને પત્રાત્મક બાહ્ય શરીરનો ત્યાગ કરીને સદાને માટે સ્વર્ગવાસિની બની ગઈ છે !!!

આ કરતાં ય, અમારા આશ્ચર્યની અવધિ તો એ છે કે ન્યાયાચાર્ય શ્રીમાન્ યશોવિજયજી મહારાજની અનેકાનેક કૃતિઓ તેમના પોતાના હસ્તાક્ષરથી લખાએલી આપણા જ્ઞાનભંડારોમાં સચવાઇ રહી છે, જ્યારે અતિમહત્ત્વનું સ્થાન ધરાવતા પ્રસ્તુત સમર્થ દર્શનપ્રભાવક મહાશાસ્ત્રની તેમણે પોતાના હાથે જે નકલ કરી હતી તેનો પત્તો જ નથી. અમે અનેકાનેક પ્રાચીન જ્ઞાનભંડારોમાં તપાસ કરી તે છતાં હજુ સુધી અમને પુનિતનામધેય આરાધ્યચરણ શ્રીયશોવિજયજીમહારાજના સ્વહસ્તે લખાએલી પ્રસ્તુત નયચક્ર ગ્રંથની હસ્તપ્રતિ મળી શકી નથી. જો એ હસ્તપ્રતિ કયાંયથી ઉપલબ્ધ થાય તો આજે અમે એકત્ર કરેલા વિવરણના આદર્શોમાં જે અનેકવિધ વિરૂપતાઓ અને ગુંચવણો ઊભી છે તેનો સમગ્રભાવે લગભગ ઉકેલ આવી જાય. સંભવ છે, પ્રસ્તુત આદર્શના વિષયમાં પણ અમે ઉપર મૂળ આદર્શના વિષયમાં જે કલ્પનાઓ–સંભાવનાઓ રજૂ કરી છે તેમ જ બન્યું હોય!!!

જેમ ગંભીર સૂક્ષ્મ સર્વવિષયવ્યાપક વિપુલવિચારસમૃદ્ધ અનેકાનેક કૃતિઓથી ઉપાધ્યાયજી મ૦ ની યશોગાથા અમર બની ગઇ છે તેમ જૈન સાહિત્યનો ઇતિહાસ જ્યાંસુધી અમર રહેશે ત્યાંસુધી આ નયચક્રના ઉદ્ધારના પુણ્યકાર્યની યશોગાથા પણ શ્રી યશોવિજય મ.ની અમર જ રહેશે એ નિ:શંક છે.

અમારી અંતઃકરણથી અભ્યર્થના છે કે શાસનદેવ, આ. શ્રી. **મલ્લવાદિ** ક્ષમાશ્રમણકૃત **ભાષ્ય** કોઇ અજ્ઞાત સ્થળના જ્ઞાનભંડારમાં ગુપ્ત હોઇ લુપ્ત મનાતું હોય તો તેને સત્વર પ્રકાશમાં લાવો અને **વાદિ**પ્રભાવકના આ દર્શનપ્રભાવક ગ્રંથની સાંગોપાંગ વ્યવસ્થાનું પુણ્ય કાર્ય કરવામાં સહાય કરો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ભાષા.

ગાથાસૂત્ર, ભાષ્ય તથા ટીકાની ભાષા સંસ્કૃત છે એ વાત ઉપર આડકતરી રીતે સ્પષ્ટ થઈ જ ગઇ છે, તેથી પુનરુક્તિમાં નથી પડતો. ભાષા છે તો પ્રસન્નમધુર પણ પ્રૌઢતા ઘણી જ છે. તેમાં ય ભાષ્યની તો ભાષા એટલી બધી પ્રૌઢ ગહન છે કે ટીકાના આધારે જ એનું વ્યવસ્થિત ભાવોદ્દઘાટન કરવું સુકર છે. વિક્રમના સાતમા સૈકા પછી મીમાંસક **કુમારિલ** ભટ્ટે અને બૌદ્ધાચાર્ય **ધર્મકીર્તિ**એ દાર્શનિક ક્ષેત્રમાં પ્રવેશ કર્યો ત્યારપછી દાર્શનિક સાહિત્યની ભાષામાં પણ એક વિશિષ્ટ યુગાંતરની શરૂઆત થઇ છે, એમ કહી શકાય. કુમારિલ અને ધર્મકીર્તિથી શરૂ થયેલા દાર્શનિક યુગાંતરમાં જે અનેકાનેક પ્રાચીન વિચારધારાઓનું શબ્દથી યા અર્થથી પરિવર્તન થવા લાગ્યું અને જે નૂતન અનેકાનેક વિચારધારાઓ દાખલ થવા પામી તેની સાથે ભાષાસરણિમાં પણ ઘણો ફેરફાર થતો ગયો એમ સ્પષ્ટ દેખાય છે. જેમ **ગંગેશથી** ન્યાયના સાહિત્યમાં નવા જ યુગની શરૂઆત થઇ છે તેમ **કુમારિલ-ધર્મકીર્તિથી** પણ દાર્શનિક સાહિત્યમાં નવો જ યુગ શરૂ થયો છે. ફેર એટલો કે **ચિંતામણિ**કાર **ગંગેશથી** શરૂ થયેલા નવ્યન્યાયના યુગમાં, સામાન્ય લેખનશૈલીમાં તદ્દન અપરિચિત એવી **अवच्छेदकावच्छिन्न** શબ્દોની પરંપરા શરૂ થઈ તેવી વિચિત્ર શબ્દપરંપરા આ યુગમાં શરૂ નથી થઈ. પરંતુ તે પહેલાંના દાર્શનિક સાહિત્યમાં જે વિશિષ્ટ શબ્દરચના જોવામાં આવે છે તેમાં તો ક્રમશઃ ઝપાટાબંધ પરિવર્તન શરૂ થઇ ગયું હતું અને તેના સ્થાને સ્પષ્ટ અને સાદી નિયત દાર્શનિક ભાષાનો ઉપયોગ થવા લાગ્યો હતો. અત્યારે આ નવીન **કુમારિલ-ધર્મકીર્તિ** પછીની ભાષાસરણિથી ટેવાયેલા આપણને **નયચક્ર**નું પઠન કરતાં શરૂઆતમાં જરા અતડું અતડું લાગે એ સ્વાભાવિક છે. પરંતુ જેમ જેમ પરિચય વધતો જાય તેમ તેમ આ મુશ્કેલી સત્વર દૂર થતી જાય છે.

મૂળને તારવવામાં અને ટીકાનું સંશોધન કરવામાં આ શૈલી ઉપર ઘણું ધ્યાન આપવું પડે છે. જો એમાં જરા ભૂલથાપ થઇ ગઈ તો ઉટપટાંગ કલ્પનાઓ કરીને થાકી જઈએ તો યે ન તો કલ્પનાઓનો અંત આવે કે ન તો આત્મસંતોષ થાય. ઉદાહરણ તરીકે નીચેનો એક પાઠ જોઇએ.

**"न तु लौकिक एव गृह्यमाणेऽर्थे इदमेवं [नैवं] चेति सार्थको विचारः...प्रसिद्धार्थविषयविचारस्यानित्वा( स्य अनिष्ठा ) दोषनिष्ट( ष्ठ )त्वात्"** [पा. २८]

સાતમી સદી પછીના દાર્શનિક સાહિત્યમાં **अनिष्ठा** શબ્દનો પ્રયોગ ભાગ્યે જ જોવા મળશે. એમાં **अनिष्ठा**ના સ્થાને **अनवस्था**નો પ્રયોગ જ રૂઢ થઇ ગયો છે. સ્ફુરણારૂપે પણ જો આ વાત ખ્યાલમાં ન હોય તો સંશોધનમાં મહાગુંચ ઊભી થાય છે. અને બીજી યત્ તત્ કલ્પનાઓનો આશ્રય લેવો પડે છે. આવું અનેક વાર બને છે, એનો સૌ સંશોધકને અનુભવ હશે. એટલે વધારે વિસ્તાર નથી કરતો, તેમ જ વિસ્તારનું આ સ્થાન પણ નથી.

## ગ્રંથના વિભાગો.

નયચક્રના વિભાગોની રચના એટલી બધી સુંદર અને મનોહર રીતે યોજાયેલી છે કે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એની યોજના કરનાર કુશળ શિલ્પિની શિલ્પકલ્પના આપણને આનંદ રોમાંચિત અને આશ્ચર્યચકિત કરી નાંખે છે. મને ખાતરી છે કે વાંચકો જાણીને ખૂબ ખુશી થશે. નયચક્ર એ નામને અનુરૂપ એવા આ ગ્રંથમાં મુખ્ય તેર વિભાગો છે. ચક્રમાં જેમ આરા હોય તેમ આમાં પણ બાર અર–આરાઓ છે. આરાઓ પણ નાભિ વિના રહી નથી શકતા. એટલે ચક્રમાં રથ વિગેરેના પૈડામાં જેમ વચમાં આરાઓને રહેવા માટેની નાભિ હોય છે, તેમ પ્રસ્તુત ગ્રંથમાં પણ બારે આરાઓને એકત્ર પ્રતિષ્ઠિત થવા માટે તુંબ આપેલું છે. આ તુંબનો જ પર્યાયવાચક શબ્દ નાભિ છે. આપણે જે ઉપર તેર વિભાગોની વાત કરી તેમાં બાર આરાઓ-બાર વિભાગ છે અને તેરમો વિભાગ તુંબ છે. પ્રથમના બાર વિભાગોમાં બાર આરાઓનું વર્ણન છે અને તેરમા તુંબવિભાગમાં આ બારે આરાઓએ પ્રતિષ્ઠિત થવા માટે તુંબનું શરણું સ્વીકાર્યે જ છૂટકો છે; નહિતર વિશરણ થવા સિવાય બીજી કોઇ ગતિ જ નથી એ વાતને સવિશેષ સિદ્ધ કરીને ગ્રંથનો ઉપસંહાર કરીને સમાપ્તિ કરી છે. ઉપસંહાર કેવો છે એ આગળ આવશે. હમણાં તો આરાઓ અને તુંબ કેવાં છે એ જોઇએ.

નય એટલે અભિપ્રાયભેદ. તેના ૧ નૈગમનય ૨ સંગ્રહનય ૩ વ્યવહારનય ૪ ઋજુસૂત્રનય ૫ શબ્દનય ૬ સમભિરૂઢનય તથા ૭ એવંભૂતનય–એવા સાત પ્રકારો પ્રાચીન અર્વાચીન, આ વિષયને ચર્ચતા, તમામ જૈન શાસ્ત્રોમાં સુપ્રસિદ્ધ છે. આના આધારે, પ્રસ્તુત ગ્રંથનું ' નયચક્ર ' એવું નામ હોવાથી આમાં પણ ઉપર જણાવેલ નૈગમાદિ સાત નયોનું નિરૂપણ હશે એવી કોઇ સંભાવના કરે એ તદ્દન સહજ છે. પરંતુ નયચક્રમાં આવતું નયનિરૂપણ તદ્દન જુદા જ પ્રકારનું છે. આ જાતનું નયનિરૂપણ ફક્ત આ એક જ શાસ્ત્રમાં દૃષ્ટિગોચર થાય છે. આમાં આવતા નયોના ૧૨ પ્રકાર છે. અને તેનાં નામ પણ તદ્દન જુદાં છે, જે નીચે મુજબ છે.

| | |
|---|---|
| १ विधिः | ७ उभयोभयम् } विधि-नियमयोर्विधिनिमयौ |
| २ विधिविधिः } विधेर्विधिः | ८ उभयनियमः } विधि-नियमयोर्नियमः |
| ३ विध्युभयम् } विधेर्विधिश्च नियमश्च | ९ नियमः |
| ४ विधिनियमः } विधेर्नियमः | १० नियमविधिः } नियमस्य विधिः |
| ५ विधिनियमौ } विधिश्च नियमश्च | ११ नियमोभयम् } नियमस्य विधि-नियमौ |
| ६ विधिनियमविधिः } विधि-नियमयोर्विधिः | १२ नियमनियमः } नियमस्य नियमः |

આ બાર નયો એ જ નયચક્ર ગ્રંથના બાર આરાઓ છે. એક એક આરામાં **વિધિ, વિધિવિધિ** વિગેરે તે તે નામને અનુરૂપ દાર્શનિક, પ્રાયે તમામ, મુખ્ય મુખ્ય વિચારધારાઓનું વર્ણન છે. વિચારધારાઓનું વર્ણન કરતાં પ્રસંગે પ્રસંગે ' વાદપરમેશ્વર, વાદનાથ, લોકનાથ, લોકત્રાતા ' વિગેરે શબ્દોથી બહુબહુમાન ભક્તિપૂર્વક ગ્રંથકારે સ્યાદ્વાદની મહત્તા અને મહનીયતા પણ સિદ્ધ કરી બતાવી છે. એનાં એક બે મનોરંજક ઉદાહરણો જોઇએ.

**–वादपरमेश्वरसंश्रयश्चैवम् एवं च भवत एकान्तवादिनस्तत्त्यागेन अनेकान्तवादाश्रयः । वादाः सर्व एव लोकं स्वसात् कर्तुं समर्थत्वाल्लोकस्य ईशते एकान्तवादा अपि, तेषां तु सर्वेषामनेकान्तवादः परमेश्वरः तद्वशवर्तिनामीष्टे, तेषां स्वार्थोन्नयनसमर्थानामपि परस्परविरोधदोषवतामुदासीनमध्यमनृपतिवत् सन्ध्यादिषाड्गुण्यान्यतमगुणाश्रयिणां विजिगी-**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



षूणां परार्पणलक्षणसंश्रयगुणाधारः परमेश्वरः स्याद्वादः तत्संश्रयेणैव स्ववृत्तिलाभात् तद्-संश्रये परस्परकार्यविलोपात् स्वयं विनाशाच्च तेषाम्।......लोकस्य नाथत इति लोकनाथः स्याद्वादः। कस्मात्? सहीतोऽमुतो विलुप्यमानस्य एकान्तवादिभिर्लोकतत्त्वस्य लोकसारस्य सम्यग्दर्शनरत्नस्य त्राता...[पा. ५२-१]

"नन्वेवं....सर्ववादनाथानेकान्तवादाश्रयणं कृतं त्वया......अनेकान्तवादो हि वादनायकः सर्ववादविरोधाऽविरोधयोर्निग्रहानुग्रहसमर्थत्वात् अर(रि)विजिगीष्वादीनामिवोदासीननृपः।... ......सदसद्वाद्युभयोपनीतहेतुसामर्थ्यादेव अनेकान्तसिद्धिः...तस्मात् परित्यक्तपक्षरागैरनभिनिविष्टैरात्महितगवेषिभिः कुशलैरन्यथा हितप्राप्त्यसम्भवादाश्रयणीय इति परिच्छिद्य अयमाराध्याः(ध्यः) शरणं च [पा. २६४]

"स्याद्वादो हि वादानामीष्टे निग्रहानुग्रहसमर्थत्वात् तस्मिँश्च एकत्वादयो भवन्त एव एकान्तग्राहनिषेधेन निगृह्यन्ते अनुगृह्यन्ते वा(चा)नेकान्तप्रतिपादनात्"

ઉપરના ગ્રંથનો ભાવાર્થ એ છે કે વાદિઓ! રાજાઓ જેમ બીજા શત્રુઓ બળવાન હોય ત્યારે સંધિ વિગેરે છ ગુણો પૈકી સંશ્રય ગુણનો આશ્રય લે તો જ ટકી શકે છે, નહિતર તેમનો વિનાશ થઇ જાય છે તેમ સ્વસ્વ અર્થનું સબલ પ્રમાણોથી પ્રતિપાદન કરનારા પરસ્પર વિરુદ્ધ વાદિઓ જગતમાં હોવાને લીધે જો તમે વાદપરમેશ્વર સ્યાદ્વાદનો આશ્રય લેશો તો જ તમારું અસ્તિત્વ ટકી રહેશે, નહિતર તમારો વિનાશ જ થઇ જશે. એ લોકનો રક્ષણહાર છે. આત્મ-હિતેચ્છુઓએ એ જ આરાધનીય છે અને એ જ શરણીય છે. જેમ રાજા ભીમ અનેકાંત ગુણોથી વિરોધિઓનો નિગ્રહ અને અવિરોધિઓ ઉપર અનુગ્રહ કરે છે, તેમ જગતના નાના પ્રકારના વાદો એકાંતગ્રાહ પકડી રાખે તો આ સ્યાદ્વાદ નૃપતિ તેમનો નિગ્રહ કરે છે અને એકાંત ગ્રહનો ત્યાગ કરે તો તેમના ઉપર અનુગ્રહ કરે છે.

આ બારે આરાઓનું વર્ણન પૂરું થયા પછી તેમને રહેવાનું તુંબ આવે છે. આ તુંબનું નામ **સ્યાદ્વાદતુંબ** છે. તુંબ એટલે નાભિ. જેમ નાભિ વિના આરાઓ ચક્રમાં ટકી શકતા નથી તેમ સ્યાદ્વાદરૂપી તુંબમાં પ્રતિષ્ઠિત થયા સિવાય **विधि १ विधिविधि** વિગેરે અભિપ્રાયરૂપ આરાઓ પણ ટકી શકતા નથી. એ વસ્તુનું આ તેરમા તુંબ વિભાગમાં વિસ્તારથી સમાલોચનાપૂર્વક સમર્થન કરવામાં આવ્યું છે. ગ્રંથકારે આ વાતને નીચેના શબ્દોમા જણાવી છે.

...जिनवचनस्य अनुगमाद् द्वादशानामराणाम् अशेषशेष(अशेष)शासनसंग्राहिणामित्थं तुम्बक्रिया स्याद्वादनाभिकरणम् तत्प्रतिबद्धसर्वारावस्थानाद् अतोऽन्यथा विशरणात्। यथोक्तम्-

"जम्मि कुलं आयत्तं तं पुरिसं आयरेण रक्खाहिं।
ण हु तुंबम्मि विणट्ठे अरया साहारणं(रगा) होंति॥ १॥" इति [४६८]

ઉપર મુજબ ચક્રના અંગભૂત આરા અને તુંબને તો આપણે જોઇ ગયા. પણ હજુ ચક્રની કલ્પના પૂર્ણ ન થઈ કહેવાય. ચક્રમાં એક-બીજા આરાઓ વચ્ચે ભાગરૂપ પરસ્પર અંતર હોય છે. જો એક-બીજા આરા વચ્ચે એવું અંતર ન હોય તો એ ચક્ર જ ન કહેવાય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એ તો થાળી જેવું ગોળ પાટિયું જ થઇ જાય. માટે આપણા પ્રસ્તુત નયચક્રમાં પણ એવું એક બીજા આરા વચ્ચે અંતર જોઇએ. ગ્રંથકારે આ અંતરની કલ્પનાને પણ બહુ સુંદર રીતે ઘટાવી છે. **विधि** વિગેરે આરા પછી બીજા બીજા આરાનું ઉત્થાન થાય છે ખરૂં, પરંતુ બીજો આરો તરત જ પોતાના મતની સ્થાપના શરૂ નથી કરતો. પહેલાં તો આગળ આવી ગયેલા અનંતર નયના દોષો બતાવે છે અને પછી પોતાના મતનું પ્રદર્શન કરે છે. આ વાત ગ્રંથકારના શબ્દોમાં જ નીચે મુજબ છે.

**"पूर्वनयमतापरितोषकारणमुत्तरनयोत्थानम् उत्तरोत्तरसूक्ष्मेक्षिकया पूर्वस्य दोषदर्शनात् स्वमतसौस्थित्याद्दि (त्याभि) मानाच्च आरम्भः" [ पा० ४३५ )**

આમ જે ખંડનાત્મક ભાગ છે તે અહીં એક બીજા આરા વચ્ચેનું અંતર છે. આપણે પણ 'લોક વ્યવહારમાં અમુક અમુક બે અભિપ્રાયો વચ્ચે આટલું અંતર છે' એમ બોલીએ છીએ. ગ્રંથકારે નયચક્રની કલ્પના બરાબર સંગત અને સુંદર બનાવી છે.

પરંતુ હજુ પણ ચક્રની યોજના પૂરી થવાને થોડી વાર છે. તુંબ, આરા અને અંતર તો આવી ગયાં, પણ નેમિ ( ચક્રધારા ) હજુ બાકી છે. ચક્રમાં નેમિ પણ હોય છે. તેમ અહીં પણ નેમિ હોવી જોઇએ. વળી નેમિ પણ એક અખંડ વલયાકારે નથી હોતી. પહેલાં તો અખંડ ગોળ નેમિ લાકડાને કોરી નાંખીને બનાવવામાં આવે તો જ થઇ શકે. આ કષ્ટમાં રથિક કે સૂત્રકાર એકે ય ઊતરવાનું પસંદ ન કરે, પરંતુ કદાચ અખંડ ગોળ નેમિ હોય તો પણ કામમાં ન આવે. ભારે દબાણ આવતાં કે ટક્કર લાગતાં તરત જ તેમાં ફાટ ચીરા પડી જાય અને નકામી બની જાય. આથી અનેક ટુકડાઓ સાંધીને જ ગોળ નેમિ બનાવવામાં આવે છે. મોટા ભાગે આવા ચાર ટુકડાઓ ગાડાના પૈડામાં હોય છે. પાંચ પણ હોઇ શકે. ત્રણ પણ હોઇ શકે. આપણા ગ્રંથકારે આ નેમિની યોજના પણ બરાબર કરી છે. ગ્રંથના આંતરિક સ્વરૂપને ખ્યાલમાં લઇ ત્રણ વિભાગ પાડયા છે. એક એક વિભાગને માર્ગ એવું નામ આપ્યું છે. ચાર ચાર આરે એક માર્ગ પૂરો થાય છે. એટલે બાર આરામાં આવા ત્રણ માર્ગો આવે છે. આ વાત ગ્રંથકારના શબ્દોથી જ આપણે જોઇએ.

**"इति चतुर्थोऽरो नयचक्रस्य समाप्तः प्रथमश्च मार्गो नेमिरित्यर्थः अर्धमेकं पुस्तकं समाप्तम् ।" [ पा० २२९-१ ]**

**"अष्टमोऽरः समाप्तश्च द्वितीयो मार्गः उभयविकल्पभेदोपदर्शनः ॥ छ ॥र॥" [भा. ४७६-२]**

જો કે ચોથા તથા આઠમા આરાના અંતે ઉપર જણાવ્યા પ્રમાણેનું જેમ પ્રથમ દ્વિતીય માર્ગની સમાપ્તિ જણાવતું વાકય છે તેમ બારમા આરાના અંતે ત્રીજા માર્ગની સમાપ્તિને જણાવતું વાકય નથી મળતું; તો પણ ગ્રંથકારને માર્ગત્રયની કલ્પના અભીષ્ટ જ છે એમ દશમા અરની આદિમાં આવતા ઉલ્લેખથી સ્પષ્ટ જણાય છે. એ ઉલ્લેખ નીચે મુજબ છે.

**विध्यादिसकलभङ्गात्मकसम्यग्दर्शनाधिकारे वर्तमानेऽविकलनयस्वरूपज्ञानमूलत्वात् सम्यग्दर्शनस्य विध्यु-भयविकल्पचतुष्टयात्मकौ मार्गौ व्याख्याय नियमविकल्पचतुष्टयात्मके तृतीये**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**मार्गे वर्तमाने तत्र नियमभङ्गं प्रथममुक्त्वा.........अत्राप्यपरितुष्यन् नियमविधिभङ्गः रस्त्वाह । पा० ४१६ ]**

ઉપરના ઉલ્લેખથી સ્પષ્ટ દેખાય છે કે ચાર ચાર અરનો એક માર્ગ એમ ત્રણ માર્ગોની કલ્પના ગ્રંથકારને અભીષ્ટ જ છે.

ત્રણ માર્ગોની યોજના કરવાનું કારણ ગ્રંથનું આંતરિક સ્વરૂપ છે. **विधि १ विधिविधि २** વિગેરે બારે નયો શુદ્ધ પદ નથી. શુદ્ધ પદો તો **विधि** અને **नियम** આ બે જ છે. આ બંનેના ભાંગાઓ પાડવાથી બાર નયો થાય છે. તેમાં આદિના ચાર વિધિના ભંગો છે. મધ્યના ચાર વિધિ–નિયમના ભાંગાઓ છે. અંતિમ ચાર નિયમના ભાંગા છે. આ વાત ગ્રંથકારે પોતે જ નીચે મુજબ જણાવી છે.

" **तत्र विधिभङ्गाश्चत्वार आद्याः । उभयभङ्गा मध्यमाश्चत्वारः । नियमभङ्गाश्चत्वारः पाश्चात्याः यथासंख्यं नित्यप्रतिज्ञा ४ नित्यानित्यप्रतिज्ञा ४ अनित्यप्रतिज्ञाश्च ४ ।** " [ **पा० ४६८** ]

આ પ્રકારના આર્થિક સ્વરૂપને ખ્યાલમાં રાખીને ગ્રંથકારે ત્રણ ભાગોની યોજના કરી છે. આ ત્રણે ભાગોના સંયોજનથી આખી નેમિ તૈયાર થઇ જાય છે. આ રીતે પ્રસ્તુત ગ્રંથના 'ચક્ર' નામની કલ્પના બરાબર સંગત અને પૂર્ણ થાય છે.

મને આશા છે કે–" નયચક્રના વિભાગોની યોજના કરનાર કુશળ શિલ્પિની શિલ્પકલ્પના આપણને આનંદ રોમાંચિત અને આશ્ચર્યચકિત કરી નાંખે એવી છે " એમ જે મેં પહેલાં જણાવ્યું હતું તેમાં હવે કોઇને અતિશયોક્તિ નહિ લાગે.

પરંતુ એક સત્ય વાત પ્રગટ કરી દેવા ઈચ્છું છું કે ઉપર મેં નેમિના સંબંધમાં જે વિચારો વ્યકત કર્યા છે તે **प्रथमश्च मार्गो नेमिरित्यर्थः** આ વાકયના આધારે જ કર્યા છે. કોશમાં માર્ગ શબ્દનો નેમિ અર્થ હજુ સુધી મારા જોવા–જાણવામાં આવ્યો નથી. તેમ છતાંય ટીકાકારે જે માર્ગ શબ્દનો નેમિ એવો અર્થ કર્યો છે તે ખોટો માનવાનું મારો પાસે કંઈ જ કારણ નથી. એમ જો જોઇએ તો **तुंब** શબ્દનો અર્થ પણ કોશમાં 'નાભિ' એવો મળતો નથી. છતાંય પ્રસ્તુતમાં **तुम्ब** શબ્દનો **नाभि** અર્થ સોએ સો ટકા સત્ય જ છે. એમાં વિવાદને કંઇ સ્થાન જ નથી.

ઉપર ચક્ર નામને અનુસરતા વિભાગો આવ્યા. પણ હવે બીજી રીતના વિભાગો જોઈએ. ૧ દ્રવ્યાસ્તિક, અને ૨ પર્યાયાસ્તિક આ બે નયોના મૂળ પ્રકાર છે. બાકીના બધા આના જ ભેદ-પ્રભેદો છે. જેમ નૈગમાદિ ત્રણ નયો દ્રવ્યાર્થિકના અને ઋજુસૂત્રાદિ ચાર નયો પર્યાયાર્થિકના ભેદો છે તે જ પ્રમાણે ૧ **विधि** વિગેરે શરૂઆતના છ નયો દ્રવ્યાસ્તિકના ભેદો છે અને ૭ **उभयोभय** વિગેરે પાછલા છ નયો પર્યાયાસ્તિકના ભેદો છે. આ વાત **इति षड्भेदो द्रव्यास्तिक उपवर्णितः** [ **पा. २८६** ] વિગેરે શબ્દોથી ગ્રંથકારે જાતે જ સ્પષ્ટ જણાવી છે.

જો કે બીજા નયનિરૂપક શાસ્ત્રોની જેમ આમાં નૈગમાદિ નયોનું સ્વતંત્ર નિરૂપણ નથી તો પણ એ નયોની સાથે આમાં ગાઢ સંબંધ તો રહેલો છે જ. ૧ વિધિ ૨, વિધિવિધિ વિગેરે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આરાઓમાં અપૌરુષેયવાદ, પુરુષવાદ, નિયતિ વાદ, કાલવાદ, સ્વભાવવાદ, શબ્દબ્રહ્મવિવર્તવાદ, પ્રકૃતિપુરુષવાદ, ઈશ્વરવાદ, કર્મવાદ, સત્કાર્યવાદ, અસત્કાર્યવાદ, અન્યાપોહવાદ, ક્ષણિકવાદ, વિજ્ઞાનવાદ, શૂન્યવાદ વિગેરે તે તે દર્શનના પ્રાણભૂત મંતવ્યોનું ઘણા જ વિસ્તારથી નિરૂપણ કરીને તે તે આરાઓનો શાસ્ત્રોકત કયા કયા નયમાં અંતર્ભાવ થાય છે એનું વર્ણન દરેક આરાઓમાં આપેલું છે. ૧ વિધિ વિગેરે આરાઓનો જેમાં જેમાં અંતર્ભાવ થાય છે તે નયો ક્રમશઃ નીચે મુજબ છે.

૧ વ્યવહારનય, ૨ સંગ્રહનય, ૩ સંગ્રહનય, ૪ સંગ્રહનય, ૫ નૈગમનય, ૬ નૈગમનય, ૭ ઋજુસૂત્રનય, ૮ શબ્દનય, ૯ શબ્દનય, ૧૦ સમભિરૂઢનય, ૧૧ એવંભૂતનય, ૧૨ એવંભૂતનય.

નૈગમ વિગેરે નયોના અવાંતર અનેક ભેદો પડતા હોઇ એક નયમાં અનેક આરાઓનો અંતર્ભાવ થઇ શકે છે એનું સોપપત્તિક વર્ણન તે તે સ્થળે ગ્રંથકારે આપ્યું છે.

પ્રસ્તુત ગ્રંથની 'નયચક્ર' તથા 'દ્વાદશારનયચક્ર' આમ બંને નામથી પ્રસિદ્ધિ છે. વસ્તુતત્ત્વ એક જ હોવા છતાં યે કેટલાકનું 'નયચક્ર' નામ બોલવા-લખવા તરફ વધારે વલણ છે તો કેટલાકનું 'દ્વાદશારનયચક્ર' નામ તરફ અધિક વલણ છે. ટીકાકારે એકાદ બે અપવાદ સિવાય સર્વત્ર નયચક્ર નામનો નિર્દેશ કર્યો છે. ટીકાંતર્ગત પ્રતીકોના આધારે મૂળકારે પણ 'નયચક્ર' નામનો જ ઉલ્લેખ કર્યો હોય એમ લાગે છે. છતાં પણ 'દ્વાદશારનયચક્ર' મૂળ નામ હોય અને 'નયચક્ર' એવું સંક્ષિપ્ત નામ વ્યવહારસૌકર્ય માટે હોય એ કલ્પના પણ કાઢી નાખવા જેવી નથી. કારણ કે 'ગ્રંથના બાર આરા છે.' એટલું સ્વરૂપ જણાવવામાં જ 'દ્વાદશાર' વિશેષણની સમાપ્તિ થઇ જતી નથી, એની પાછળ તો એક વિશિષ્ટ ઐતિહાસિક હકીકત રહેલી છે અને તે એ કે પહેલાં નયચક્ર નામનું સાતસો આરાનું **सप्तशतारनयचक्र** અધ્યયન પૂર્વમાં પૂર્વગતશ્રુતમાં [1] હતું. તેના ઉપરથી સંક્ષિપ્ત કરીને આ બાર આરાનું નયચક્ર રચવામાં આવ્યું છે. તેથી **सप्तशतारनयचक्र**થી ભેદ બતાવવા માટે **द्वादशारनयचक्र** નામની પણ ઉપયોગિતા અને આવશ્યકતા હોઇ શકે.

સપ્તશતારનયચક્ર ઉપરથી આ દ્વાદશારનયચક્રનો ઉદ્ધાર કરવામાં આવ્યો છે. એ હકીકતને જણાવતો એક વિશિષ્ટ ઉલ્લેખ નયચક્રટીકામાં જ પ્રાંત ભાગે નીચે મુજબ છે.

**अधुना तु शास्त्रप्रयोजनमुच्यते–सत्सु अपि पूर्वाचार्यविरचितेषु सन्मति–नयावतारादिषु नयशास्त्रेषु अर्हत्प्रणीतनैगमादिप्रत्येकशतसंख्यप्रभेदात्मकसप्तशतारनयचक्राध्ययनानुसारिषु तस्मिंश्च आर्षे सप्तशतारनयचक्राध्ययने च सत्यपि द्वादशारनयचक्रोद्धा(द्ध)टनं विस्तरग्रन्थभीरून् संक्षेपाभिवाञ्छिनः शिक्षकजना[न]नुग्रहीतुं 'कथं नाम अल्पीयसा कालेन नयचक्रमधीयेरन् इमे सम्यग्दृष्टयः' इत्यनयाऽनुकम्पया संक्षिप्तग्रन्थं बह्वर्थमिदं नयचक्रशास्त्रं श्रीमच्छ्वेतपटमल्लवादिक्षमाश्रमणेन विहितं स्वनीतिपराक्रमविजिताशेषप्रवादिविजिगीषुचक्रविजयिना ॥** [ वि० ३८७ ]

૧ सप्तशतारनयचक्राध्ययन કદાચ પૂર્વગતશ્રુતમાં ન હોય, પણ ભગવાન્ પૂર્વધરોએ આવા કોઇ સ્વતંત્ર જ અધ્યયનની રચના કરી હોય એ સંભાવનાને પણ અવકાશ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અન્યત્ર પણ આને લગતા ઉલ્લેખો નીચે મુજબ છે.

**" तथाहि पूर्वविद्भिः सकलनयसंग्राहीणि सप्तनयशतानि विहितानि, यत्प्रतिबद्धं सप्तशतारं नयचक्राध्ययनमासीत् । तत्सङ्ग्राहिणः पुनर्द्वादश विध्यादयो यत्प्रतिपादकमिदानीमपि नयचक्रमास्ते " [उत्तराध्ययनसूत्र शान्तिसूरिकृत टीका. पृ. ६८]**

**" तथाहि-पूर्वविद्भिः सकलनयसङ्ग्राहीणि सप्तनयशतान्युक्तानि, यत्प्रतिपादकं सप्तशतारं नयचक्राध्ययनमासीत् । उक्तं च-एक्केक्को य सयविहो सत्त नयसया हवंति एमेव । " [आवश्यकनिर्युक्ति गा. ७५२] सप्तानां च नयशतानां संग्राहकाः पुनरपि विध्यादयो द्वादश नयाः, यत्प्ररूपकमिदानीमपि द्वादशारं नयचक्रमस्ति "**

**[ अनुयोगद्वारसूत्र मलधारीया वृत्तिः पृ. २६७ ]**

ઉપરના ઉલ્લેખોથી એ વાત પણ સ્પષ્ટ થતી જણાય છે કે–ટીકાકારના સમયમાં નયચક્રાધ્યયનનું અસ્તિત્વ હતું, પણ ત્યારપછી વાદિવેતાલ શ્રીશાંતિસૂરિ વિગેરેના સમયમાં તે લુપ્ત થઇ ગયેલું હતું.

## ગ્રંથમાં દૃષ્ટિપાત

ગ્રંથની અંદર દૃષ્ટિપાત કરતાં જ ગંભીર અને અતિવિસ્તૃત અનેકાનેક પ્રાચીન વાદ–વિચારપ્રવાહોનાં દર્શન થાય છે. **કુમારિલ–ધર્મકીર્તિ** પછી દાર્શનિક ક્ષેત્રમાં જે યુગાંતરનો પ્રારંભ થયો તેમાં પૂર્વકાલીન તે તે દર્શનોના મૂળભૂત સિદ્ધાંતો એક જ રહેવા છતાં એની ઉપપાદન શૈલીમાં એટલું બધું પરિવર્તન થઇ ગયું કે એક જ દર્શનના કુમારિલ-ધર્મકીર્તિથી પ્રાચીન અને અર્વાચીન ગ્રંથોને પરસ્પર સરખાવતાં એકબીજાની શાબ્દિક–આર્થિક રચનામાં જાણે પરસ્પર આકાશ–પાતાળનું અંતર ન હોય એવું દેખાય છે. આ બંનેય વ્યક્તિઓએ દાર્શનિક ક્ષેત્રમાં એટલો બધો ઊહાપોહ મચાવી મૂકયો હતો કે તે સમયના અને ત્યાર પછીના પ્રાયે તમામ દાર્શનિકોનું લક્ષ્ય એ તરફ ખેંચાયું. દાર્શનિક ગ્રંથો તપાસતાં તરત જણાઇ આવે છે કે દરેક દર્શનના ગ્રંથપ્રણેતાઓએ આ બંનેય વ્યક્તિઓએ આરંભેલી યા વિકસાવેલી વિચારધારાઓના ખંડન–મંડનમાં પોતાના ગ્રંથોનો મોટો ભાગ રોકયો છે. ધર્મકીર્તિ પછીનાં બૌદ્ધ તર્કશાસ્ત્રો પછી તે ગમે તેટલાં મોટાં હોય કે નાનાં, બધાં યે ધર્મકીર્તિના ગ્રંથોને જ અનુસરીને લગભગ રચાયાં છે. ધર્મકીર્તિના ૧૫૦૦ શ્લોકપ્રમાણ એકલા પ્રમાણવાર્તિક ગ્રંથ ઉપર જ ટીકા–પ્રટીકાઓ થઇને લગભગ સવાલાખ શ્લોકપ્રમાણ ગ્રંથ-રચના થયેલી છે. એ જ રીતે **મીમાંસામાં કુમારિલ**ભટ્ટનું અને **વેદાન્તમાં શંકરાચાર્યનું** અગ્રસ્થાન રહેલું છે. આ પ્રમાણે નવી ઊભી થએલી અને રોજરોજ નવી ઊભી થતી વિચારધારાઓના ખંડન–મંડનમાં જ દાર્શનિક ગ્રંથકારોનું ચિત્ત પરોવાઇ ગયું હોવાથી ધીમે ધીમે પ્રાચીન ગ્રંથો વીસરાવા લાગ્યા. થોડા કાળ પછી પ્રાચીન ગ્રંથોના વિચારોનું ખંડન-મંડન પણ લગભગ બંધ જેવું થઇ ગયું. આનું પરિણામ એ આવ્યું કે એ પ્રાચીન ગ્રંથોના લોપની પણ ધીમે ધીમે શરૂઆત થઇ ગઇ. કાલક્રમે એમાંના ઘણા જ ગ્રંથો આજે લુપ્ત થઇ ગયા છે. તે તે દર્શનનાં મૂળસૂત્રો જો કે રહી ગયાં છે પરંતુ એ સૂત્રોનાં ભાષ્ય–ટીકાદિ અનેક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિવરણો લુપ્ત થઇ ગયાં છે. કેટલાંક હજુ નામશેષ રહી ગયાં છે, જ્યારે અનેકનાં નામોનો યે હજુ સુધી પત્તો નથી. તે તે ગ્રંથમાં વર્ણવેલા વિચારપ્રવાહો પણ આજે લગભગ સદાને માટે અદૃશ્ય થઇ ગયા છે, છૂટાછવાયા અને રડ્યાખડ્યા મળતા એના ઉલ્લેખો કે અવતરણો સિવાય બીજું કંઇએ જાણવાનું સાધન નથી. અને એ સાધનો પણ વિરલ અતિ જ છે. કારણ કે ઉપલબ્ધ ઘણા ગ્રંથો નવીન જ છે.

પ્રસ્તુત નયચક્ર ગ્રંથમાં આ પ્રકારના સંશોધનમાટે અતિ વિશાળ ક્ષેત્ર રહેલું છે. મૂળકાર અને ટીકાકાર બંનેય ગ્રંથકારો કુમારિલ-ધર્મકીર્તિથી પ્રાચીન છે. ગ્રંથમાં આવતી લગભગ દરેક ચર્ચાઓ એટલા બધા વિસ્તારથી છે કે એટલો વિસ્તાર તે તે વિચારને વર્ણવતા તે તે દર્શનના મૂળ ગ્રંથોમાં પણ નથી. આટલી બધી વિસ્તૃત વિચારણા ભાગ્યે જ અન્યત્ર જોવા મળશે. જેમ કુમારિલ-ધર્મકીર્તિ પછીના યુગના દાર્શનિક વાઙ્મયમાં **સમ્મતિતર્ક** ઉપરની શ્રીમાન્ **અભયદેવસૂરિ**વિરચિત **તત્ત્વબોધવિધાયિની** ટીકા એ સૌથી મોટામાં મોટો ઉપલબ્ધ્યમાન ગ્રંથ છે. તે જ પ્રમાણે **કુમારિલ-ધર્મકીર્તિ**થી પ્રાચીન દાર્શનિક વાઙ્મયના ઉપલબ્ધ ગ્રંથોમાં પ્રસ્તુત ગ્રંથનું પ્રમાણ પણ સૌથી મોટામાં મોટું છે. આ વસ્તુસ્થિતિને લીધે દરેકે દરેક ચર્ચિત વિચારો આમાં વિશાળ પ્રમાણમાં નજરે પડે છે. પ્રાચીન વિચારપ્રવાહોને જાણવાનું આ અતિવિપુલ સાધન છે. આ ગ્રંથમાં ઉપલબ્ધ થતી લગભગ બધી જ ચર્ચાઓ એના મૂળગ્રંથોમાં આજે મળતી નથી. કારણ કે તે તે ગ્રંથનાં જે જે વિવરણો-વ્યાખ્યાનોને નજર સામે રાખીને ગ્રંથકારે ચર્ચા કરી છે તે બધાં દુર્લભ યા નષ્ટપ્રાય જ થઇ ગયા છે. બીજી આ ગ્રંથની વિશિષ્ટ લાક્ષણિકતા એ છે કે ગ્રંથકાર જ્યારે કોઈ પણ વિવાદાસ્પદ મંતવ્યની ચર્ચા કરવી શરૂ કરે છે ત્યારે તે તે મંતવ્યોનાં ઉત્થાનબીજભૂત અથવા મૂળપ્રરૂપક ગ્રંથથી માંડીને પોતાના સમય સુધી થયેલા તે તે વિષયના લગભગ બધા પ્રસિદ્ધ અને પ્રમુખ ગ્રંથોની સમાલોચના કરી લે છે. આ રીતે આમાં અનેક ગ્રંથોની સમાલોચના આવે છે. જો કે આ બધા ગ્રંથો કયા કયા હશે એ કલ્પવું, તે તે ગ્રંથ લુપ્ત પ્રાય થઇ ગયા હોઈ, મુશ્કેલ છે. છતાં એમાંના જે કેટલાક ગ્રંથકારોનો અને ગ્રંથોનો નામોલ્લેખ પ્રસ્તુત ગ્રંથમાં છે, તથા નામોલ્લેખ વિના પણ બીજાં સાધનોના આધારે જાણી શકાય છે તેનો થોડો પરિચય અહીં આપવો અસ્થાને નહીં ગણાય.

અભિધર્મપિટક, પ્રકરણપાદ, અભિધર્મકોશભાષ્ય, વાદવિધિ, ચતુ:શતક, પ્રમાણસમુચ્ચય, ન્યાયમુખ, સામાન્યપરીક્ષા, આલંબનપરીક્ષા, હસ્તવાલપ્રકરણ, વાક્ય, ભાષ્ય, ટીકા, કટન્દી ટીકા, વસુરાત, પ્રશસ્તમતિ, સિદ્ધસેનસૂરિ વિગેરે.

સૂત્રપિટક ૧, વિનયપિટક ૨ તથા અભિધર્મપિટક ૩ આ ત્રિપિટક બૌદ્ધદર્શનનું આગમ શાસ્ત્ર છે. આમાંના **અભિધર્મપિટકમાંથી** પ્રત્યક્ષલક્ષણની ચર્ચામાં ગ્રંથકારે નામોલ્લેખપૂર્વક કેટલાંક વચનો ઉધ્ધૃત કરેલાં છે. બૌદ્ધોમાં **સ્થવિરવાદ** અને **સર્વાસ્તિવાદી** એમ બે શાખાઓ હતી. સ્થવિરવાદિઓના ગ્રંથો પાલીભાષામાં હતા, જ્યારે સર્વાસ્તિવાદિઓનું ત્રિપિટક સંસ્કૃત ભાષામાં હતું. બંનેયમાં ત્રિપિટકના નામની સમાનતા હતી પણ ભાષા જુદી હતી. પાલી ત્રિપિટક અત્યારે મળે છે, પણ સંસ્કૃત ત્રિપિટક સંસ્કૃત ભાષામાં વ્યુચ્છિન્ન થઇ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગયું લાગે છે. ચીનીભાષામાં એના થયેલા અનુવાદો જ માત્ર મળે છે. એટલે પાલી ત્રિપિટક અને સંસ્કૃત ત્રિપિટકના વિષયોની સમાનતા હતી કે કેમ? એ કહેવું મુશ્કેલ છે, છતાં ચીની-ભાષાનું પરિશીલન કરનારા વિદ્વાનોના લખાણના આધારે જણાય છે કે બન્નેયમાં વિષયોની સમાનતા પણ નથી. પ્રસ્તુત ગ્રંથમાં જે **અભિધર્મપિટકનો** ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે અભિધર્મપિટક સંસ્કૃત ભાષાનું છે.

**प्रकरणपदेऽप्युक्तम्** એવા શબ્દોથી મલ્લવાદીએ એક બૌદ્ધ ગ્રંથનો ઉલ્લેખ કર્યો છે. તપાસતાં એમ જણાય છે કે આનું શુદ્ધ નામ **प्रकरणपाद** છે. ત્રિપિટકમાં સૂત્રપિટક વિગેરે નામનો કોઈ એક સ્વતંત્ર ગ્રંથ નથી, પણ તે તે નામના મથાળા નીચે અનેક નાનાં મોટાં પ્રકરણો યા સૂત્રો આવી જાય છે. એમાં અભિધર્મપિટકના સાત ગ્રંથો છે, આમાં બીજા નંબરના ગ્રંથનું નામ **प्रकरणपाद** છે અને તેના કર્તાનું નામ સ્થવિર **વસુમિત્ર** છે. અત્યારે તો આ ગ્રંથનો પણ સંસ્કૃત ભાષામાં લોપ જ થઇ ગયેલો છે. ફક્ત ચીનાઈ ભાષામાં એના અનુવાદો મળે છે. આ. શ્રી મલ્લવાદીએ આમાંથી એક શ્લોક ઉધ્ધૃત કર્યો છે.

**અભિધર્મકોશ** એક **વસુબંધુનો** ગ્રંથ છે. આના ઉપર એમનું જ ૧૫૦૦૦ શ્લોકપ્રમાણ સ્વોપજ્ઞ ભાષ્ય છે. બૌદ્ધ તત્ત્વજ્ઞાનના ગ્રંથોમાં આ ગ્રંથનું પ્રમુખસ્થાન છે. મૂળ ગ્રંથ લગભગ ૬૦૦ કારિકાત્મક છે. અત્યાર સુધી તો આ ગ્રંથ પણ સંસ્કૃતભાષામાં લુપ્ત થઇ ગયો મનાતો હતો. પણ અભિધર્મકોશભાષ્યટીકા, ટિબેટિયન ભાષાંતર, તથા ચીની ભાષાંતરની સહાયથી **બેલ્જિયમ**દેશવાસી પાશ્ચાત્ય વિદ્વાન્ ડૉ૦ **લા વાલી પૂષિએ** આની કારિકાઓનો સંસ્કૃત-ભાષામાં ઘણા અંશે ઉદ્ધાર કર્યો હતો કે જે અભિધર્મકોશ ભાષ્યના ફ્રેંચ ભાષાનુવાદની પાદ-ટિપ્પણીઓ( ફુટનોટ્સ )માં છે. આના આધારે ખૂટતા ભાગને પૂર્ણ કરીને બૌદ્ધભિક્ષુ **રાહુલ સાંકૃત્યાયને** સંપૂર્ણ મૂળ ગ્રંથને સંપાદિત કર્યો છે, જે કાશી વિદ્યાપીઠ–બનારસ તરફથી પ્રસિદ્ધ થયો છે. આમાંથી ટીકાકારે એક કારિકાનો અંશ ઉધ્ધૃત કર્યો છે.

અભિધર્મકોશનું ૧૫૦૦૦ શ્લોકપ્રમાણ ભાષ્ય પણ બૌદ્ધભિક્ષુ શ્રીરાહુલ સાંકૃત્યાયનને મળી આવ્યું છે અને તેના ફોટા અહિં હિંદમાં લાવવામાં આવ્યા છે જે બિહાર સરકારને હસ્તક છે.–એમ બિહાર એન્ડ ઓરિસા રિચર્સ સોસાયટીના જર્નલના ૨૩ મા અંકના રાહુલ સાંકૃ-ત્યાયનના જ લેખથી જાણ્યું છે. એ તો અત્યારે દુષ્પ્રાપ્ય છે પણ આના **હ્યુએનત્સાંગ** તથા **પરમાર્થે** કરેલા ચીની ભાષાનુવાદ તથા ટિબેટિયન ભાષાંતરના આધારે પાશ્ચાત્ય વિદ્વાન **લા વાલિ પૂષિએ** આનો ફ્રેંચ ભાષામાં અનુવાદ કરીને બેલ્જીય પ્રાચ્યાધ્યયન પરિષદ ( Socite Belge D'Etudus Orientales ) દ્વારા પ્રકાશિત કર્યો છે, જે છ ભાગોમાં છે. આ ગ્રંથ અત્યારે મારી સામે છે. શ્રી**મલ્લવાદિ** ક્ષમાશ્રમણે એક સ્થળે નામોલ્લેખપૂર્વક અભિધર્મ-કોશ ભાષ્યના એક ભાગની વિસ્તારથી સમાલોચના કરી છે. આ ભાગ લગભગ બરાબર સ્વરૂપમાં આ ફ્રેંચ ભાષાનુવાદમાં મળી આવે છે.

**વાદવિધિ** ગ્રંથ પણ વસુબંધુનો છે. આમાં આવતા **ततोऽर्थाद् विज्ञानं प्रत्यक्षम्** આ પ્રત્યક્ષ લક્ષણની પણ ગ્રંથમાં સમાલોચના કરવામાં આવી છે. આ ગ્રંથ અત્યારે તો નામશેષ જ છે. વસુબંધુનો સમય વિક્રમનો ચતુર્થ શતક મનાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ચતુઃશતક** ગ્રંથ એના નામ પ્રમાણે ચારસો શ્લોકપ્રમાણ છે. આનાં સોળ પ્રકરણો છે. એક એકમાં ૨૫ શ્લોકો છે. આના કર્તા બૌદ્ધાચાર્ય **આર્યદેવ** છે. સમય વિક્રમની ત્રીજી સદી ગણાય છે. આ ગ્રંથ પણ અત્યાર સુધી સંસ્કૃતમાં લુપ્ત થઇ ગયો હતો. ડો. પી. એલ. વૈદ્યે ટિબેટિયન ભાષાંતરના આધારે એનાં પાછલાં ૯ પ્રકરણોનું સંસ્કૃતમાં પરિવર્તન કર્યું છે, જે પેરિસની કોઇ સંસ્થાદ્વારા ફ્રેંચ ભાષાંતર સાથે પ્રકાશિત થયું છે. થોડા ફેરફાર સાથે આનું જ એક પ્રકાશન **શાંતિનિકેતનથી** પણ થએલું છે. આમાંથી ટીકાકારે એક કારિકા ઉધ્ધૃત કરેલી છે.

**પ્રમાણસમુચ્ચય** તથા **ન્યાયમુખ**ના કર્તા બૌદ્ધાચાર્ય **દિઙ્નાગ** છે. ગ્રંથકારે **વસુબંધુના શિષ્ય તરીકે** બે ત્રણવાર આનો ઉલ્લેખ કર્યો છે. પ્રમાણસમુચ્ચય-ન્યાયમુખ પણ સંસ્કૃત ભાષામાં લુપ્ત થઇ ગયા છે. પ્રમાણસમુચ્ચય દિઙ્નાગનો પ્રમુખ ગ્રંથ છે. એના પહેલા પરિચ્છેદનું સંસ્કૃતમાં પરિવર્તન માયસોર યુનિવર્સીટીથી પ્રસિદ્ધ થયું છે. ગ્રંથકારે બૌદ્ધદાર્શનિક ચર્ચામાં મોટા ભાગે આ દિઙ્નાગના જ ગ્રંથોને સામે રાખ્યા છે. દિઙ્નાગની અનેક કારિકાઓ ઉધ્ધૃત કરીને તેનું વિસ્તારથી ખંડન કર્યું છે. છૂટાછવાયા ઉલ્લેખોના આધારે દિઙ્નાગના ગ્રંથોનું સંસ્કૃતમાં ટિબેટિયન ચીની વિગેરે ભાષાંતરો ઉપરથી પરિવર્તન કરવા ઇચ્છતા સંશોધકોને આમાંથી વિપુલ સામગ્રી મળશે એ નિઃશંક છે.

**આલંબનપરીક્ષા સામાન્યપરીક્ષા** વિગેરે પણ દિઙ્નાગના ગ્રંથો છે. નાનાંમોટાં સો પ્રકરણોની રચના દિઙ્નાગે કરી છે. નામનો ઉલ્લેખ ન હોવાથી જાણી શકાતું નથી, પણ ગ્રંથકારે એમાંના ઘણા ગ્રંથો નજર સામે રાખ્યા હશે એમ જરૂર લાગે છે.

વૈશેષિકદર્શનસંબંધી ચર્ચામાં **વાક્યકાર, ભાષ્યકાર** તથા **ટીકાકાર**ના અભિપ્રાયોનું વર્ણન આવે છે. ઉપલબ્ધ પ્રશસ્તપાદભાષ્યમાં તથા ન્યાયસૂત્રના વાત્સ્યાયનભાષ્યમાં એ હકીકત નથી આવતી, એટલે આ ગ્રંથો એનાથી ભિન્ન જ છે. **વાક્યકાર ભાષ્યકાર** તથા એના ઉપરના કોઇ **ટીકાકાર**નો પહેલવહેલો ઉલ્લેખ આ ગ્રંથમાં જ મળે છે. અત્યારસુધી આ ગ્રંથોનું નામ પણ કવચિત્ સંભળાતું નથી. **અધ્યયન-અવિદ્ધકર્ણ-ભાવિવિક્ત** વિગેરે ન્યાયવૈશેષિક દર્શનના ગ્રંથકારોનાં નામોનો પ્રાચીન ગ્રંથોમાં ઉલ્લેખ આવે છે, પણ જેમ એ ગ્રંથો નષ્ટ થઇ ગયા છે તેમ આ **વાક્ય, ભાષ્ય, ટીકાગ્રંથો** પણ નષ્ટ થઇ ગયા છે, એમ જણાય છે.

સત્તાની ચર્ચામાં એક **કટન્દી** નામની ટીકાનો બે ત્રણ વાર ઉલ્લેખ આવે છે. ચર્ચાનું સ્વરૂપ જોતાં ન્યાયસૂત્ર ઉપરની કે વૈશેષિકસૂત્રની આ કોઈ ટીકા હશે એમ લાગે છે. આ નામનું પણ સૌપ્રથમ દર્શન આ ગ્રંથમાં જ થાય છે.

**ભર્તૃહરિના ગુરુ વસુરાતનો** કવચિત્ કવચિત્ નામોલ્લેખ જોવામાં આવે છે, પરંતુ વસુરાતના મતનું વિશિષ્ટ ખંડન હજુસુધી કોઈ ગ્રંથમાં જોવામાં આવ્યું. નથી. **इति भर्तृहर्यादिमतम्, वसुरातस्य भर्तृहर्युपाध्यायस्य मतं तु** એવા ઉલ્લેખપૂર્વક વિસ્તારથી પ્રસ્તુત નયચક્રમાં વસુરાતના મતનું નિરૂપણ અને ખંડન આવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**પ્રશસ્તમતિ**નો અનેક વાર નામોલ્લેખ વૈશેષિકદર્શન સંબંધી ચર્ચામાં આવે છે. પ્રશસ્તમતિનો ઉલ્લેખ બીજા પણ પ્રાચીન ગ્રંથોમાં આવે છે. પ્રશસ્તમતિનો ગ્રંથ વૈશેષિકદર્શન ઉપરની કોઈ વ્યાખ્યા હશે એમ લાગે છે. ભાષ્યકાર પ્રશસ્તપાદ અને પ્રશસ્તમતિ ભિન્ન છે.

**શ્રીસિદ્ધસેન** આચાર્યના નામે કેટલાક ઉલ્લેખો પ્રસ્તુત ગ્રંથમાં આવે છે કે જે આ. શ્રીસિદ્ધસેન દિવાકરના ઉપલબ્ધમાન ગ્રંથોમાં મળતા નથી. આ સિદ્ધસેનસૂરિ શ્રીસિદ્ધસેનદિવાકર જ સંભવતઃ હોવા જોઈએ. એ ઉલ્લેખો જોવા જેવા છે.

**तथा च आचार्यसिद्धसेन आह—**

**"यत्र ह्यर्थो वाच्यं, व्यभिचरति न(ना)भिधानं तत् ॥" [ वि० २७७ ]**

**"अस्ति-भवति-विद्यति-पद्यति-वर्ततयः सन्निपातषष्ठाः सत्तार्था इत्यविशेषेणोक्तत्वात् सिद्धसेनसूरिण ।" [ वि० १६६ ]**

ઉપરના વાક્યોના આધારે શ્રી **સિદ્ધસેનદિવાકરજી**નો ગ્રંથ કયો હશે અને એની રચના કેવી હશે વિગેરે ગવેષણીય અને વિચારણીય છે.

આ ઉપરાંત પ્રસ્તુત ગ્રંથમાં નામોલ્લેખ વિનાનાં તો કેટલાંયે અવતરણો છે. વાદો પણ આવા સંખ્યાબંધ છે. પણ તે તે વિષયના ગ્રંથો દુષ્પ્રાપ્ય, કથાશેષ અથવા સર્વથા લુપ્ત થઈ ગયા હોઈ તે સંબંધમાં કંઈ પણ કહેવું-કલ્પવું કઠિન છે.

સાંખ્યના સંબંધમાં જ એવાં બે સ્થળો જોવામાં આવે છે. એક ઉધ્ધૃત વચન આર્યા છંદનું જ છે, પણ તે ઈશ્વર કૃષ્ણની સાંખ્ય સપ્તતિમાં મળતું નથી. એકની તો અવતરણિકા પણ આ જાતની છે.

**तथे(थै)तदर्थसम्बन्धिनी व्याख्यातैव द्वितीया गाथा—**

**सुखं दुःखं चानुशयं च [ वारं ] वारेणायं सेवते तत्र तत्र ।**
**विशन्ति योनिं व्यतिरेकिणस्त्रयः अजस्तु जायामतिसत्यशुद्धः ॥ १ ॥**

આ ગાથા કયા પ્રકરણની હશે? આ સાંખ્યગ્રંથ પણ કયો હશે[1]? વિગેરે વિચારણીય છે.

---

૧. વસ્તુતઃ પૂર્વાપર સંબંધ તથા ભાષારચના વિચારતાં એમ જણાય છે કે આ ગાથા કોઈ સાંખ્ય ગ્રંથની નહિ, પણ કોઈ વૈદિક ગ્રંથની હશે. અને તેમાં પણ કોઈ ઉપનિષદની અને ખાસ કરીને શ્વેતાશ્વતર ઉપનિષદની હશે. પૂર્વાપર મેળવતાં ગ્રંથકારે અહીં ત્રણ છંદો ઉધ્ધૃત કર્યા છે, કે જે નીચે પ્રમાણે છે—

अजामेकां लोहित-कृष्ण-शुक्लां बह्वीः प्रजाः सृजमानां सरूपाः ।
अजो ह्येको जुषमाणोऽनुशेते जहात्येनां भुक्तभोगामजोऽन्यः ॥ १ ॥ [ श्वेताश्व० ४-१-५ ]
सुखं दुःखं चानुशयं च [ वारं ] वारेणायं सेवते तत्र तत्र ।
विशन्ति योनिं व्यतिरेकिणस्त्रयः अजस्तु जायामतिसत्यशुद्धः ॥ २ ॥
उभा सखाया सयुजा सुपर्णौ समानं वृक्षं परिषस्वजाते ।
तयोरेकः पिप्पलं स्वाद्वत्त्यनश्नन्नन्योऽभिचाकशीति ॥ ३ ॥ [ श्वेता व० ४-१-६ ]

—આ ઉધ્ધૃત ત્રણ ગાથાઓમાં બીજા અંકની ગાથાને સ્પષ્ટાર્થ માનીને આથીજ **तथैतदर्थसम्बन्धिनी**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**વાર્ષગણ્યનું ષષ્ટિતંત્ર** શું ગ્રંથકારના સમયમાં વિદ્યમાન હશે? એક એવું સ્થળ આવે છે કે ગ્રંથકારે જે વાતને સાંખ્યમતના નામે રજૂ કરી છે તે જ વાત લગભગ અક્ષરશ: પાતંજલ યોગ-દર્શનના વ્યાસ ભાષ્યમાં ( **સૂત્ર ૩।૧૪** ) ઉધ્ધૃત કરવામાં આવી છે. કયા ગ્રંથમાંથી એ પાઠ ઉધ્ધૃત કર્યો હશે એ ચોક્કસ નથી કહી શકાતું. **પંચશિખ**ના સૂત્રપાઠમાંથી ઉદ્ધરણ કર્યું હશે એમ મનાય છે. નયચક્રમાં **વાર્ષગણતંત્ર**નો પણ એક સ્થળે ઉલ્લેખ આવે છે. એ પછી ષષ્ટિતંત્ર જેવા કોઇ વિશિષ્ટ ગ્રંથને આશ્રીને છે કે સામાન્ય રીતે સાંખ્યદર્શનને આશ્રીને છે એ વિચારણીય છે.

ઉપર જેનાં નામો ઉલ્લેખાદિ દ્વારા જાણી શકાયાં છે તેવા કેટલાક જ દુર્લભ અથવા મૂળ સ્વરૂપે અપ્રાપ્ય ગ્રંથો આવી જાય છે. જેનાં નામો નથી જાણી શકાયાં એવા તો કેટલા યે અજ્ઞાત ગ્રંથો બાકી છે.

## નિરૂપણ શૈલી.

આ. શ્રી**મલ્લવાદિ**ની નિરૂપણશૈલીમાં અનેક સુંદર અને વિશિષ્ટ લાક્ષણિકતાઓ રહેલી છે. જેમ રાજસિંહાસન ઉપર વિરાજમાન રાજા વાદિ–પ્રતિવાદિઓનાં પરસ્પર વિરોધી કથનોને ધ્યાનપૂર્વક પહેલાં સાંભળી લે અને પછી નિષ્પક્ષપાતભાવે કોઇનો પણ તેજોવધ યા અપમાન કર્યા સિવાય મધુર શૈલીથી ફેંસલો આપે તે રીતે જૈનેન્દ્રશાસનરૂપી સિંહાસન ઉપર આરૂઢ થયેલા સ્યાદ્વાદ નૃપતિ, એકાંતવાદને પકડીને પરસ્પર કલહ કરતા વાદિઓનાં પરસ્પર વિરોધી મંતવ્યોને પહેલાં ધ્યાનપૂર્વક સાંભળી લઇને પછી પરસ્પર વિરોધનું નિવારણ કરતો બધી દૃષ્ટિઓનો સમન્વય કરીને નિષ્પક્ષપાત ચુકાદો જાણે સાક્ષાત્ આપતા ન હોય ! એવો જ બરાબર, ગ્રંથ વાંચતાં, આભાસ–અનુભવ થાય છે. એક વાદી પહેલાં પોતાનાં મંતવ્યોનું પ્રદર્શન કરે છે, પછી બીજો વાદી ઊભો થઇને પૂર્વના વાદીના કથનનું ખંડન કરીને પોતાના મતનું સમર્થન કરે છે, આ પ્રમાણે ક્રમશ: સળંગ ચાલ્યા કરે છે. વચમાં પ્રસંગે પ્રસંગે પરસ્પરના દૃષ્ટિબિંદુઓને સમજવા જેવી અનેકાંતદૃષ્ટિના અભાવે વિરોધની કેટલી બધી ક્ષુદ્રતા અને અપ્રતિષ્ઠિતતા છે એ બતાવવામાં આવે છે. અને છેવટે વિસ્તારથી એનો ચુકાદો આપવામાં આવે છે.

ઘણાખરા દાર્શનિક ગ્રંથોમાં વિપક્ષીઓ ઉપર ખૂબ જ કઠોર આક્રમણ કરવામાં આવ્યું હોય છે, કેટલાકમાં શબ્દાટોપથી ભરપૂર ઉપહાસ જ ખૂબ ઉડાવવામાં આવ્યો હોય છે, જ્યારે કેટલાકમાં વાગ્બાણોનો એટલો બધો વરસાદ વરસાવવામાં આવ્યો હોય છે કે વિપક્ષી-ઓના હૃદયને જ વીંધી નાખે છે. આ. શ્રી મલ્લવાદીનું મૂળ નામ તો **મલ્લ** હતું પણ સમર્થ વાદિ હોવાને લીધે **મલ્લવાદિ** નામથી જ તેમની પ્રસિદ્ધિ હતી. આ. શ્રી**મલ્લવાદિ**ના

**व्याख्यातैव द्वितीया गाथा** આ પ્રમાણે ટીકાકારે જણાવ્યું છે. જો કે મુદ્રિત **શ્વેતાશ્વતરમાં सुखं दु.खं** ગાથા નથી, તો પણ ૧ લી અને ૩ જી ગાથા બરાબર સાથે **શ્વેતાશ્વતરમાં** જ મળે છે. તેથી એવી સંભાવના થાય છે કે પ્રચલિત શ્વેતાશ્વતરમાંથી એ કદાચ પડી ગઇ હોય. જો કે આ પ્રમાણે કહેવું એ વધુ પડતું સાહસ છે જ, પરંતુ ઘણા ગ્રંથોમાં આવી રીતે પાઠો પડી જવાનું બન્યું છે, અને બને છે. ગુરુપરંપરાના ભેદથી તો આવા પાઠોની હાનિવૃદ્ધિના પ્રસંગો ઘણા મળી આવે છે. પાઠકોને ઠીક લાગે તો આ વાત ઉપર વિચાર કરે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચરિત્રનું વર્ણન કરતા ગ્રંથોના આધારે જણાય છે કે છ છ મહિના સુધી રાજસભામાં આ. શ્રીમલ્લવાદિએ વાદ કર્યો છે. આમ છતાં પણ તેઓશ્રીની નિરૂપણશૈલીની અદ્ભુત લાક્ષણિકતા એ છે કે એમણે એકે એક શબ્દનો ઉપયોગ બહુ કાળજીપૂર્વક કર્યો છે. એમની નિરૂપણશૈલી એટલી બધી નિર્મળ સુંદર છે કે ગમે તેવા કટ્ટર વિરોધીને પણ અતિપ્રિય થઈ પડે તેવી છે. આનાં એક બે ઉદાહરણો જોવા જેવાં છે.

(१) (मूल) स्वेन वचनेन तत् तद् वचनं विरुध्येत—

(टीका) 'विरुध्येत' इति "आशंका(शंसा)वचने लिङ्" [पाणिनिव्या० ३।३।१३४] कथं मुखनिष्ठुरं 'विरुध्यते एव' इत्यवधार्य उच्यते। कथञ्चिद् विरुध्येत इति दाक्षिण्यमाचार्यः स्वकं दर्शयति।"

(२) "सर्वेषां वाक्य-भाष्य-टीकाकाराणां शास्त्रकारमतानुवर्तित्वात् स एव अनाप्तोऽसत्यवादी चेत्येतदपि स्यात् इति लोकानुवृत्त्या साशंकमिवोच्यते मा भूत् तीर्थकरगौरवाकृष्टमतिभिः 'अनाप्त एव' इति निष्ठुरवचनकुपितैः सह तद्भक्तैः कलहः इति।"

આવાં આવાં અનેક સુંદર ઉદાહરણો ગ્રંથમાં સ્થળે સ્થળે આવે છે.

## ક્ષમાશ્રમણ મલ્લવાદિનું વ્યકિતત્વ

'अनु मल्लवादिनं तार्किकाः' [सिद्धहेम० २।२।३९] આ શબ્દોથી કલિકાલસર્વજ્ઞ શ્રીહેમચંદ્રસૂરિજીએ જેમને શ્રેષ્ઠ તાર્કિક તરીકે વર્ણવ્યા છે, એ વાદિપ્રભાવક આ૦ શ્રીમલ્લવાદિના વ્યક્તિત્વનું વર્ણન કરવું એ સામર્થ્ય બહારની વસ્તુ છે. આ નયચક્ર ગ્રંથ એમના સ્વપરસમયના અગાધ જ્ઞાનની પદે પદે સાક્ષી પૂરે છે. આગમિક, દાર્શનિક, વૈદિક, વૈદ્યક વિગેરે અનેક વિષયોમાં એમનું સાંગોપાંગ પારગામિત્વ હતું એ સ્થળે સ્થળે સ્પષ્ટ દેખાય છે. પાણિનિવ્યાકરણના પરિવારભૂત ધાતુપાઠ, ગણપાઠ, પાતંજલમહાભાષ્ય વિગેરે વ્યાકરણના ગ્રંથોને તો જાણે પી જ ન ગયા હોય એમ તે તે પદે પદે આવતા ઉલ્લેખો અને ચર્ચાઓથી સ્પષ્ટ માલૂમ પડે છે. **વાકયપદીયનો** તો ડગલે ડગલે ઉપયોગ કર્યો છે. દાર્શનિક અને આગમિક સાહિત્યસંબંધી ગ્રંથકારનું જ્ઞાન અગાધ હોય એ તો સિદ્ધ જ છે, પણ તેનાથી અતિરિક્ત વૈદિક–યાજ્ઞિક અને ઔપનિષદ વિગેરે વિષયોનું જ્ઞાન પણ પલ્લવગ્રાહિ નહીં પણ સર્વગ્રાહિ અને સાંગોપાંગ હતું, એ તે તે સ્થળોએ આવતી માર્મિક સમાલોચના અને યથાસ્થાન યોજનાથી સ્પષ્ટ જણાઇ આવે છે.

આ૦ શ્રીમલ્લવાદિની કુશળતા પણ અદ્ભુત છે. દરેક દર્શનના અનતિમહત્ત્વનાં મંતવ્યોની ચર્ચામાં ગ્રંથકાર ખાસ ઊતરતા નથી. પહેલાં તો તેઓ તે તે દર્શનનાં પ્રાણભૂત મંતવ્યોને ચુંટી કાઢે છે, અને પછી વિસ્તારપૂર્વક તેનું ઉપપાદન કરીને તે તે મંતવ્યોની અનેક વિકલ્પોથી માર્મિક સમાલોચના કરે છે. એકે એક વિષયનો એટલો બધો ઊહાપોહ કરે છે કે કોઈપણ વાદિને પોતાના પક્ષના સમર્થનમાં કંઈ પણ કહેવાનું રહી જાય એવું સ્થાન રહેવા જ દેતા નથી.

આ. શ્રીમલ્લવાદિની એક ખૂબી એ પણ છે કે એમને દરેક વાતની મૌલિક વિચારણામાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઘણો રસ છે. પછી તે સ્વસમયસંબંધી હોય કે પરસમયસંબંધી. કોઈપણ ચર્ચા કરે એમાં એના મૂળગ્રંથ સુધી ઠેઠ પહોંચી જાય છે. જૈનદર્શન સર્વનયસમૂહાત્મક છે એમ સ્થળે સ્થળે શાસ્ત્રોમાં જણાવ્યું છે અને આપણે પણ રોજ એ વાતનું ઉચ્ચારણ કરીએ છીએ. જો વસ્તુસ્થિતિ આમ છે તો તે તે નયોનાં ઉત્થાનબીજો શાસ્ત્રોમાં હોવાં જ જોઈએ આ એક સહજ પ્રશ્ન છે. જૈનદર્શનનું જે મૂળભૂત સ્વરૂપ છે તે તેના મૂળભૂત ગ્રંથોમાં ન હોય એ સંભવી જ ન શકે. આ. શ્રીમલ્લવાદીએ દરેક આરાઓના અંતે તે તે નયોનું મૂલ નિબંધન આર્ષગ્રંથોમાં–આગમોમાં કયાં કયાં છે, એ તે તે આગમોમાંથી પાઠો ઉધ્ધૃત કરીને જણાવ્યું છે. જેમકે—

"किमेताः स्वमनीषिका एवोच्यन्ते, अस्ति किञ्चिद् निबन्धनमस्य आर्थ( र्ष )मपि– इति ? 'अस्ति' इत्युच्यते, तद्यथा–निर्गमवाक्यमप्यस्य "दुवालसंगं गणिपिडगमेगं पुरिसं पडुच्च" [ ] इत्याद्यर्थ( द्यार्ष ? )ग्रन्थं साक्षित्वेन आह एतन्मतसंवादिनम् ।" [ वि. ३३१ ]

"मा मंस्थाः स्वमनीषिकयैवोच्यत इति, जैनागमोऽप्येवमित्यत आह–उपनिबन्धनं यतोऽस्य निग( र्ग )मस्तद्यथा–" इमा णं भंते "इत्यादि ।" [ वि. ३५७ ]

सर्वनयानां जिनप्रवचनस्यैव निबन्धनत्वात् किमस्य निबन्धनमिति चेत्, उच्यते निबन्धनं चास्य "आया भंते नाणे अन्नाणे" इति स्वामी गौतमस्वामिना पृष्टः व्याकरोति–"गोयमा नाणे नियमा आता"......। [ वि. ६१ ]

આ જ પ્રમાણે પરસમયસંબંધી વિચારો પણ તે તે મૂળ ગ્રંથોને આશ્રીને જ ગ્રંથકાર વર્ણવે છે. આ પ્રકારની નિરૂપણશૈલી તે તે વિચારોનાં મૂળ અને ક્રમિક વિકાસને શોધવા ઇચ્છતા સંશોધકોને અવશ્ય સહાયરૂપ થઇ પડશે.

કલિકાલસર્વજ્ઞ આચાર્યપ્રવર શ્રી**હેમચન્દ્રસૂરીશ્વર**જી મહારાજે સિદ્ધહેમ ૨. ૨. ૩૯ સૂત્રની બૃહદ્વૃત્તિમાં **अनु सिद्धसेनं कवयः, अनु मल्लवादिनं तार्किकाः, उपोमास्वातिं सग्रहीतारः, उप जिनभद्रक्षमाश्रमणं व्याख्यातारः । तस्मादन्ये हीना इत्यर्थः ।** આ સ્વરૂપના વર્ણનમાં ભગવાન **સિદ્ધસેનદિવાકર**જીને તાર્કિકશ્રેષ્ઠ ન કહેતાં આચાર્ય શ્રીમલ્લવાદિજીને જ તાર્કિકશ્રેષ્ઠ કહ્યા છે, એ ધ્યાન ખેંચનારી બીના છે. બીજા સ્થળે પણ **क्व सिद्धसेनस्तुतयो महार्थाः** [ **अयोगव्यवच्छेदद्वात्रिंशिका श्लोक ३०** ] એ શબ્દોથી સ્તુતિકાર ભ૦ સિદ્ધસેનદિવાકરજીના કવિત્વનું જ સવિશેષ સૂચન કર્યું છે. ભગવાન ઉમાસ્વાતિ અને આગમધર શ્રીજિનભદ્રગણિ ક્ષમાશ્રમણજીનું પ્રભુ શ્રીહેમચન્દ્રસૂરિજીએ કરેલું વર્ણન એટલું બધું યથાર્થ છે કે એમાં કોઇ પણ વિવાદને અવકાશ જ નથી. તો પછી ભ૦ **સિદ્ધસેનદિવાકર** જેવા પ્રસિદ્ધ દાર્શનિકને છોડીને ભ૦ **મલ્લવાદિને** પ્રભુ શ્રીહેમસૂરિએ શ્રેષ્ઠ તાર્કિક તરીકે વર્ણવ્યા છે, એ સ્વાભાવિક રીતે જ ધ્યાન ખેંચનારી હકીકત છે. વિચાર કરતાં એમ જણાય છે કે—જૈન પરંપરામાં પ્રતિષ્ઠિત થયેલી ઘણી વિચારધારાઓ **સન્મતિને** ઉપજીવીને છે તો પણ દરેક વાદોનું ક્રમશઃ વિશિષ્ય વ્યવસ્થિત રીતે તાર્કિક પ્રણાલિકાથી સૌ પ્રથમ ખંડન કરનાર હોય તો તે આ૦ શ્રી**મલ્લવાદી** જ છે. જેમણે ગ્રંથો રચ્યા નથી જેમના ગ્રંથો ઉપલબ્ધમાન નથી એવા પરવાદિવિજેતા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મહાપુરુષોની આમાં વાત નથી, પરંતુ ઉપલભ્યમાન ગ્રંથોમાં આવી શુદ્ધ તાર્કિકશૈલીથી વ્યવસ્થિત રીતે પરદર્શનોનું ખંડન કરનારો જો સૌપ્રથમ કોઈ ગ્રંથ હોય તો તે મલ્લવાદિ ક્ષમાશ્રમણનું નયચક્ર જ છે એમ કહેવું જરા પણ ખોટું નથી. **દિવાકરજી**ના સમ્મતિની રચના તર્કપ્રધાન હોવા છતાં યે મુખ્યતયા આગમપ્રસિદ્ધ નયોનું જ વિવેચન કરનારી છે. એમાં જે અનેકાન્તની વ્યવસ્થા કરવામાં આવી છે તે ત્યાર પછીના બધાય આચાર્યોની વિવેચનામાં મૂળાધાર થઈ ગઇ છે. ખુદ આ૦ શ્રી**મલ્લવાદિ**એ પણ **દિવાકરજી**ના **સમ્મતિ** ઉપર ટીકા રચી હતી, આમ છતાં યે બધાં પરદર્શનોનું વ્યવસ્થિત રીતે તાર્કિક શૈલીથી ખંડન કરનારો સૌપ્રથમ ગ્રંથ આ૦ શ્રી**મલ્લવાદિ**નું નયચક્ર જ છે. આથી જ **अनु मल्लवादिनं तार्किकाः** આ પ્રમાણે આ૦ શ્રીહેમસૂરિજીએ કરેલું વર્ણન બરાબર વિચારપૂર્વક અને યથાર્થ જ છે. દુર્દૈવની વાત એટલી જ છે કે આ૦ શ્રી**મલ્લવાદિ**નું ભાષ્ય સ્વતંત્રતયા નથી મળતું. જો એ ઉપલબ્ધ હોત તો આપણે એમના અદ્ભુત અને અપ્રતિમ તાર્કિકત્વનો સવિશેષ પરિચય કરી શકત. અત્યારે તો ટીકામાં આવતાં પ્રતીકો જ મુખ્ય આધાર છે.

## ટીકા

ટીકાનું નામ ન્યાયાગમાનુસારિણી છે. **इति नियमभङ्गो नवमोऽध्यायः श्रीमल्लवादिप्रणीतनयचक्रटीकायां न्यायागमानुसारिण्यां सिंहसूरि(र)गणिवादिक्षमाश्रमणदृब्धायां समाप्तः** આ પ્રમાણે ગ્રંથમાં આવતા ઉલ્લેખથી જ આ નામ સ્પષ્ટ જણાય છે. ટીકાનું જેવું નામ છે તેવી જ બરાબર રચના છે. મલ્લવાદીએ જે જે વિષય ઉપર પોતાનું ભાષ્ય લખ્યું છે તે તે બધા જ વિષયોનું ગ્રંથકારે લંબાણ વિસ્તારથી વિવેચન કર્યું છે. એટલે જે જે હકીકત આ૦ શ્રીમલ્લવાદીની સ્વપરસમયપારંગતતા સંબંધમાં જણાવી છે તે બધી જ ટીકાકારના સંબંધમાં પણ લાગુ પડે છે. ટીકાના નામ પ્રમાણે ટીકામાં જેમ દાર્શનિક ચર્ચાઓ છે તેમ આગમિક હકીકતો પણ ઘણી જ આવે છે. સામાન્ય રીતે દાર્શનિક ગ્રંથોમાં આગમિક નિરૂપણો બહુ જ વિરલ પ્રમાણમાં હોય છે, જ્યારે પ્રસ્તુત ટીકામાં ઘણાં સ્થળોએ દાર્શનિક ચર્ચા આગમિક વિચારોથી મિશ્ર છે. અનેક સ્થળોએ દાર્શનિક વિચારોની સાથે આધ્યાત્મિક વિચારોની એવી સુંદર યોજના કરેલી છે કે સુવર્ણમાં સુગંધનો જેમ યોગ થાય તેમ ગ્રંથમાં સુંદર યોગ જોવામાં આવે છે. આ આધ્યાત્મિક વાકયરચના પણ એવી સુંદર હોય છે કે ચિત્તને આનંદથી ભરપૂર કરી દે છે. એક સ્થળે જણાવ્યું છે કે–"જે સંસારમાંથી મુક્ત થવાની વાત કરવામાં આવે છે તે સંસારને આત્માએ જાતે જ ઊભો કર્યો છે. જેમ કોઇ માણસ હીંચકા ઉપર બેસીને પોતે જ વેગથી હીંચકાને હલાવે છે અને પોતે જ તેમાં ભમે છે તે રીતે આત્મા પણ પોતે જ પ્રવૃત્તિ કરીને ચતુર્ગતિરૂપ સંસારને ગતિમાન કરે છે અને પછી પોતે જ તેમાં ભમે છે[1]." આર્થિક દૃષ્ટિએ

---

૧. चैतन्यस्य रागादिविपरिणामाद् **उपयोगस्वातन्त्र्येण** बद्ध्वाऽऽत्मनाऽऽत्मानमस्वतन्त्रीकरोति । तेनैव च स्वयंकृतेन बन्धेनास्वातन्त्रीक्रियते मद्येनेव स्वयं पीतेन मद्यपः, स्वयं पूरितवेगया दोलयेव वा पुरुषो भ्रम्यते कर्मदोलया कर्मबन्धेन रूपादिमत्त्वनाद्यनन्तश आपद्यते ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આમાં કાંઈ નવું છે એમ કહેવાનો આશય નથી, પણ શાબ્દિક દૃષ્ટિએ જોતાં હીંચકાનું જે સુંદર દૃષ્ટાંત આપવામાં આવ્યું છે તે તો ખૂબ જ ગમી જાય તેવું છે.

ટીકામાં આવતી કેટલીક આગમિક હકીકતો એવી છે કે ઉપલબ્ધમાન આગમિક સાહિત્યમાં પણ અત્યારે ભાગ્યે જ જોવામાં આવે છે. આવા એક બે ઉદાહરણો આપું છું. આશા છે કે આગમરસિકોને એ ખૂબ જ ગમી જશે.

" योनिप्राभृतादिभ्यश्च अन्यथैव सर्वयोन्युत्पत्तयः । द्विविधा योनिर्योनिप्राभृतेऽभिहिता, सचित्ता अचित्ता च । तत्र सचित्तयोनिद्रव्याणि संयोज्य भूमौ निखाते दन्तरहितमनुष्यसर्पादिजात्युत्पत्तिः, अचित्तयोनिद्रव्ययोगे च यथाविधि सुवर्ण–रजतमुक्ताप्रवालाद्युत्पत्तिरिति । " [ पा० १२६ ]

" सुषमसुषमायां सुषमायां सुषमदुःषमायां च अत्रैव भारते क्षेत्रे देवलोकवद् ( भावभेदाः ) भवन्ति–प्रतनुक्रोध–मान–माया–लोभाः.......प्रजाः,.......स्वादु–सुरभिजला चतुरङ्गुलहरिततृणा निम्नोन्नतवर्जिता भूमिः । ......तथा दुःषमसुषमायां सुखदुःखसमत्वाद् भूयिष्ठसुखत्वाच्च मनुष्यलोकवद् भावभेदाः । दुःषमायाम् आहार–भय–मैथुन–परिग्रहसंज्ञाप्राचुर्याद् अधर्मकर्मोन्मार्गप्रस्थानभूयिष्ठत्वाच्च तिर्यग्लोकवत् । दुःषमदुःषमायां नरकलोकवद् दुःखैकरसत्वात् । यथा कृत–त्रेता–द्वापर–कलियुगसंज्ञाविभागेषु व्याख्याविकल्पमात्रभेदेषु युगेषु ॥ " [ पा० १३६ ]

" असजातीयेत्यादि यावद् अस्मान् प्रति भवन्तमि[ ति ? ]। अथावधारितार्था एते लध्वाद( दि ? दयो ? ) हेतवो गुर्वाद्यसजातीयलक्षणव्यावृत्तार्थविषयाः, ततस्तेषामसजातीयलक्षणव्यावृत्तार्थविषयताया विशेषहेतोः पक्षधर्मतैव मूलतस्तत्रास्मान् प्रति तावदपक्ष धर्मत्वम् । तद्यथा–' णिच्छयओ सत्त(व्व)लहुं 'ति गाथा ।

निष्कृष्य–अवधार्य चयतः—ज्ञानतः परमार्थनयतो वा सर्वथा लघु सर्वं वा लघु न विद्यते, तथा सर्वगुरु द्रव्यं परमाणुद्विप्रदेशा(द्य ?)संख्येयान्तानां केषाञ्चिद् अनन्तप्रदेशानां च स्कन्धानां शेषद्रव्याणां च अगुरुलघुत्वात्, ततः परम् आपेक्षिकलघुगुरुपरिणामित्वात् ।

व्यवहारनयेन तु युज्यते लघुत्वं गुरुत्वं वा, अन्योऽन्यस्माद् लघुर्गुरुर्वेति । वातं राति इति वातराः, बदरप्रमाण(णाः ?) बादरा वा स्कन्धाः स्थूला इत्यर्थः ।

' ण इतरेसु ' न( ने )तरेषु, प्रागुक्तपरमाण्वादिषु सूक्ष्मेष्वगुरुलघुत्वमेवेत्यर्थः ॥ १ ॥
अन्त्यतः गुरुतायामित्यादि । निरपेक्षैकान्तगुरुतायाम् एतदेव ' पतेत् ' पवन( पतन ) क्रियमेव स्यात्, न तिष्ठेत् न ऊर्ध्वं गच्छेत्, गुरुत्वात् । " [ पा० १८९ ]

આવા અનેક પાઠો છે. જો એનો પૃથક્ સંગ્રહ કરવામાં આવે તો એક નાની પુસ્તિકા થાય એટલા છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નયચક્રની અને આ. શ્રીમલ્લવાદિની જે વિશિષ્ટતા તથા મહત્તા ઉપર વર્ણવવામાં આવી છે તે બધું વર્ણન ટીકાના આધારે જ મુખ્યતયા હોઈ ટીકા અને ટીકાકારના સંબંધમાં પણ યથાયોગ લાગુ પડે;જ છે એટલે એની પુનરુક્તિ નથી કરતો.

## ટીકાકાર.

**इति नियमभङ्गो नाम नवमोऽध्यायः श्रीमल्लवादिप्रणीतनयचक्रटीकायां न्यायागमानुसारिण्यां सिंहसूरिगणिवादिक्षमाश्रमणदृब्धायां समाप्तः** આ પ્રકારના નવમા આરાને અંતે આવતા સંધિવાકયના આધારે ગ્રંથકારનું **સિંહસૂરિ** નામ જણાય છે. પરંતુ મારી સંભાવના છે કે અહીં શુદ્ધ શબ્દ **सिंहसूर** છે અને ટીકાકારનું સાચું નામ **सिंहसूर** જ હોવું જોઇએ. મારી આ સંભાવનાનો મુખ્ય આધાર તત્ત્વાર્થસૂત્રના ટીકાકાર આ૦ શ્રી**સિદ્ધસેનગણિ**એ ટીકાને અંતે આપેલી નીચે મુજબની પ્રશસ્તિ છે.

आसीद् दिन्नगणि क्षमाश्रमणतां प्रापत् क्रमेणैव यो
विद्वत्सु प्रतिभागुणेन जयिना प्रख्यातकीर्तिर्भृशम् ।
वोढा शीलभरस्य सच्छ्रुतनिधिर्मोक्षार्थिनामग्रणी–
र्ज्ज्वालामलमुच्चकैर्निजतपस्तेजोभिरव्याहतम् ॥ १ ॥

यत्र स्थितं प्रवचनं पुस्तकनिरपेक्षमक्षतं विमलम् ।
शिष्यगणसम्प्रदेयं जिनेन्द्रवक्त्राद् विनिष्क्रान्तम् ॥ २ ॥

तस्याभूत् परवादिनिर्जयपटुः सैंहीं दधच्छूरतां
नाम्ना व्यज्यत सिंहसूर इति च ज्ञाताखिलार्थागमः ।
शिष्यः शिष्टजनप्रियः प्रियहितव्याहारचेष्टाश्रयाद्
भव्यानां शरणं भवौघपतनक्लेशार्दितानां भुवि ॥ ३ ॥

निर्धूततमःसंहति–रखण्डमण्डलशशाङ्कसच्छाया ।
अद्यापि यस्य कीर्तिर्भ्रमति दिगन्तानविश्रान्ता ॥ ४ ॥

शिष्यस्तस्य बभूव राजि( ज ? )कशिरोरत्नप्रभाजालक–
व्यासङ्गाच्छुरितस्फुरन्नखमणिप्रोद्भासिपादद्वयः ।
भास्वामीति विजित्य नाम जगृहे यस्तेजसां सम्पदा
भास्वन्तं भवनिर्जयोद्यतमतिर्विद्वज्जनाग्रेसरः ॥ ५ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**क्षमया युक्तोऽतुलया समस्तशास्त्रार्थविन्महाश्रमणः ।**
**गच्छाधिपगुणयोगाद् गु(ग)णाधिपत्यं चकाराथ्र्यम् ॥ ६ ॥**

**तत्पादरजोऽवयवः स्वल्पागमशेमुषीकबहुजाड्यः ।**
**तत्त्वार्थशास्त्रटीकामिमां व्यधात् सिद्धसेनगणिः ॥ ७ ॥**

ઉપરની **પ્રશસ્તિ**માં ગન્ધહસ્તી આ૦ **શ્રીસિદ્ધસેનગણિએ** પોતાના દાદાગુરુ તરીકે જેમને વર્ણવ્યા છે અને જે શ્રી **દિન્નગણિ ક્ષમાશ્રમણના** શિષ્ય છે તે આ૦ **સિંહસૂર** જ પ્રસ્તુત નયચક્રટીકાના કર્તા **श्रीसिंहसूर गणि वादि क्षमाश्रमण** છે એવી મારી દૃઢ સંભાવના છે. આ૦ શ્રી**સિદ્ધસેનગણિએ** દાદાગુરુ **श्रीसिंहसूर**નું જે વર્ણન કર્યું છે તે આ ટીકાકારની સાથે બરાબર બંધ બેસે છે. કેવી રીતે ? એ જોઇએ.

પ્રશસ્તિના ત્રીજા શ્લોકમાં 'પરવાદિનિર્જયપટુ' વિગેરે જે વિશેષણો આપ્યાં છે, તેમાં ટીકાકારના **सिंहसूरिगणिवादिक्षमाश्रमण** એવા ઉલ્લેખમાં આવતા **वादि** શબ્દનો અને **न्यायागमानुसारिणी** આ ટીકાના નામનો બરાબર સંવાદ મળી જાય છે. **ચોથા** શ્લોકમાં જે તેમની કીર્તિનું વર્ણન કર્યું છે તે પણ આવા સમર્થ ટીકાગ્રંથકારના સંબંધમાં સારી રીતે ઘટી શકે છે. જો કે આ૦ શ્રીસિદ્ધસેનગણિએ આ૦ શ્રી**सिंहसूर**નું '**गणिक्षमाश्रमण**' તરીકે વર્ણન નથી કર્યું તો પણ જે **દિન્નગણિક્ષમાશ્રમણના** શિષ્ય છે, અને જો પદયોજનામાં બાધા ન આવતી હોય તો પ્રશસ્તિના ૬ ઠ્ઠા શ્લોકમાં આવતા વર્ણન પ્રમાણે જે **ભાસ્વામિગણિક્ષમાશ્રમણના** ગુરુ છે તે **सिंहसूर** 'ગણિક્ષમાશ્રમણ' હોય એમાં કોઈ પણ જાતનો વાંધો આવતો નથી. આ રીતે **सिंहसूरि( र )गणिवादिक्षमाश्रमण** આ પ્રકારના સંધિવાક્ય સાથે બરાબર સંવાદ મળી રહે છે.

હવે રહ્યો નામનો પ્રશ્ન. આ વિષે વિચાર કરતાં લાગે છે કે અહીં આપેલું **सिंहसूरि** નામ શુદ્ધ નથી લાગતું. **श्रीदेवर्द्धिगणिक्षमाश्रमण, श्रीसंघदासगणिक्षमाश्रमण, श्रीजिनभद्रगणिक्षमाश्रमण** વિગેરે નામો તો સાંભળ્યાં છે, પણ **देवर्द्धिसूरिगणिक्षमाश्रमण, संघदाससूरिगणि०** કે **जिनभद्रसूरिगणि०** એવાં નામો સાંભળ્યાં નથી. કારણ કે **सूरि** અને **गणि** બે એકાર્થવાચી શબ્દ હોવાને લીધે એકત્ર બંનેયનો **પ્રયોગ** ઘટી શકે જ નહિ. આ અપેક્ષાએ આ૦ શ્રી **સિદ્ધસેન**ગણિએ જે **सिंहसूर** નામ આપ્યું છે તે જ વાસ્તવિક હોય એમ લાગે છે. આ ઉપરથી મારી સંભાવના છે કે. નયચક્રટીકાકાર **सिंहसूरि( र )गणिवादिक्षमाश्रमण** એ આ૦ શ્રી સિદ્ધસેનગણિએ વર્ણવેલા પરવાદિનિર્જયપટુ, જ્ઞાતાખિલાર્થાગમ **સિંહસૂર** જ હોવા જોઇએ. સાચા **सूर** શબ્દની જ કોઈ સંશોધકે સમાનતાના ખ્યાલથી **सूरि** એવી શુદ્ધિ (?) કરી નાખી હશે ?

મારી સંભાવનાનો મુખ્ય આધાર ઉપર જણાવ્યો તે છે. આને પુષ્ટિ આપતો સાધક બાધક પ્રમાણોનો વિમર્શ અહીં સ્થળસંકોચના કારણે આપવામાં નથી આવતો. જો કોઇ વિદ્વાન્

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મહાશય આ બાબતમાં વિશેષ પ્રકાશ પાડશે અને અમારું ધ્યાન તે તરફ ખેંચશે તો અમે અંતઃકરણથી તેમના આભારી થઇશું.

## ગ્રંથકારોનો સમય.

આ૦ શ્રી **મલ્લવાદી**એ ભર્તૃહરિનું ખંડન કર્યું છે, તેથી તેઓ ભર્તૃહરિના સમકાલીન અથવા ઉત્તરકાલીન અવશ્ય હોવા જોઇએ એ નિર્વિવાદ છે. ચીની યાત્રી ઇત્સિંગની નોંધ પ્રમાણે ભર્તૃહરિનો મૃત્યુસમય વિક્રમ સંવત્ ૭૦૬ સામાન્ય રીતે માનવામાં આવે છે. મારી દૃષ્ટિએ અનેક કારણોથી ઇત્સિંગની આ નોંધ વિચારણીય છે. વસુરાતને ભર્તૃહરિના ગુરુ તરીકે માનવામાં આવે છે. પ્રસ્તુત નયચક્ર ટીકામાં પણ ભર્તૃહરિના ગુરુ તરીકે વસુરાતનો ઉલ્લેખ છે જ. આ વસુરાતને વિક્રમના ચોથા સૈકામાં વસુબંધુનો સમકાલીન માનવામાં આવે છે. જો વસ્તુસ્થિતિ આમ હોય તો ભર્તૃહરિનો મૃત્યુસમય સંવત્ ૭૦૬ કોઇપણ રીતે ન ઘટી શકે. તેથી ભર્તૃહરિનો સમય વિચારણીય છે. આ૦ શ્રી **મલ્લવાદિ**નો સમયનિર્ણય[1] ભર્તૃહરિના સમયનિર્ણય ઉપર આધાર રાખે છે.

ટીકાકારનો સમય **વિશેષાવશ્યકભાષ્યકાર** ભગવાન શ્રી**જિનભદ્રગણિક્ષમાશ્રમણ**-સમકાલીન હોય એમ લાગે છે. જેસલમેરના ભંડારમાં મળી આવેલી ભાષ્યની પ્રતિના અંતે ભાષ્યકારે જ આપેલી તે ગાથાઓના આધારે ભાષ્યની રચના વિક્રમ સંવત્ ૬૬૬ માં થઇ છે એ જાતનો નવો જ પ્રકાશ હમણાં પડ્યો છે. નયચક્રટીકામાં '**पण्णवणिज्जा भावा**' વિગેરે ત્રણ ગાથાઓ ઉદ્ધૃત કરેલી[2] છે. તેથી નયચક્ર ટીકાની રચના ભાષ્યની રચના પછી થઈ હોવી જોઇએ. આ. શ્રી**સિદ્ધસેનગણિ**નો સમય લગભગ વિક્રમની આઠમી સદીના પૂર્વાર્ધ સુધી ગણવામાં આવે છે તેથી, તથા ધર્મકીર્તિ વિગેરે કોઇનો ઉલ્લેખ પ્રસ્તુત ટીકામાં ન હોવાથી ટીકાની રચના સં. ૬૬૬ થી ૭૦૦ ની વચમાં ગમે ત્યારે ઘણા ભાગે થઈ હશે.

## ઉપસંહાર.

ઉપર ગ્રંથ અને ગ્રંથકારોનો માત્ર સંક્ષિપ્ત પરિચય આપ્યો છે. ગ્રંથની મહત્તાનો તથા ગ્રંથકારોના અદ્ભુત વ્યક્તિત્વનો સાચો પરિચય તો ગ્રંથના પરિશીલનથી જ થઇ શકે. આ પરિચય આપતાં કંઇ પણ અસંગત કહેવાયું હોય તો આશા છે કે—**સજ્જનો અવશ્ય ક્ષમા આપશે.**

એક સત્ય વાત પ્રકટ કરી દઉં કે આ લેખના લખાણુની જવાબદારી મારી છે, છતાં આનુ

---

૧ श्रीवीरवत्सरादथ शताष्टके चतुरशीतिसंयुक्ते । जिग्य स **मल्लवादी** बौद्धांस्तद्व्यन्तरांश्चापि ॥ ८३ ॥ [ प्रभावकचरित्र, विजयसिंहसूरिप्रबन्ध ] આ પ્રમાણે પ્રભાવકચરિત્રકાર શ્રીપ્રભાચન્દ્રાચાર્યે આ૦ શ્રીમલ્લવાદિના બૌદ્ધવાદિવિજયનો સમય વિક્રમ સંવત્ ૪૧૪ આપ્યો છે.

૨ વિશેષાવશ્યકભાષ્યમાં पण्णवणिज्जा ॥ १ ॥ जं चोद्दस ॥ २ ॥ अक्खरलंभेण ॥ ३ ॥ એવો ક્રમ છે.
નયચક્રવૃત્તિમાં जं चोद्दस ॥ १ ॥ पण्णवणिज्जा ॥ २ ॥ अक्खरलंभेण ॥ ३ ॥ એવો ક્રમ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મૂળ ઉત્થાન–બીજ કોઈ હોય તો તે પરમ સ્નેહી પૂજ્ય મુનિરાજ શ્રીમાન્ પુણ્યવિજયજી મહારાજ સાહેબ જ છે. તેઓશ્રીની આજ્ઞા થઈ કે મારે **નયચક્ર** વિષે કંઈ પણ લખવું જ લખવું. આ તેમની આગ્રહ અને સ્નેહભરી પ્રેરણાને વશ થઈને જ આ લેખ લખવાનું બન્યું છે. એટલે લેખની જવાબદારી મારી હોવા છતાં પણ આનું સાચું કર્તૃત્વ હોય તો તે **પુણ્યનામધેય પૂજ્ય મુનિરાજ શ્રીમાન્ પુણ્યવિજયજી મહારાજ સાહેબનું જ છે.**

અંતે એ જ પૂર્વે જણાવેલ વાતનું પુનરુચ્ચારણ કરું છું કેઃ—

શાસનદેવ ! અમારી અંતઃકરણથી અભ્યર્થના છે કે મલ્લવાદિ ભગવાનનું ભાષ્ય કોઈ પણ અજ્ઞાત સ્થળના જ્ઞાનભંડારમાં ગુપ્ત હોઈ લુપ્ત મનાતું હોય તો તેને સત્વર પ્રકાશમાં લાવીને વાદિપ્રભાવકના આ દર્શનપ્રભાવક ગ્રંથની સાંગોપાંગ વ્યવસ્થાનું **પુણ્ય** કાર્ય કરો.

**॥ जयति स्याद्वादिप्रवचनम् ॥**

સં. ૨૦૦૩ પોષ વદિ ૭
પુના સીટી

મુનિ જંબૂવિજય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# મહાન પુરૂષ શ્રી ગાંધીજીનો સ્વર્ગવાસ.



સમગ્ર પ્રજાની અહિંસાના પ્રેરક, ઉપાસક અને અહિંસાનો પયેગામ દેશોદેશ પહોંચાડનાર, સત્યના હિમાયતિ, બ્રહ્મચર્યના પાલક દેશની આઝાદીના સર્જનહાર, જેની દુનીયામાં, એક મહાન પુરૂષ તરીકે ગણના થયેલ એવા મહાન્ નરનું તા. ૩૦-૧-૧૯૪૮ શુક્રવારના રોજ કરૂણ અવસાન થયેલું છે, જેને માટે એક સરખો પૂજ્યભાવ ધરાવનાર સમગ્ર પ્રજાને તેથી મહાન ખોટ પડી છે. સેંકડો કે હજારો વર્ષે આવા પુરૂષો દેશમાં જ્યારે પ્રજા પરતંત્રતાની બેડીમાં જકડાઈ અનેક દુઃખો અનુભવતી હોય છે ત્યારે કુદરતના નિયમ પ્રમાણે જન્મે છે અને તેને હાથે દેશનો ઉદ્ધાર થાય છે તે જોઈ વિદાય લે છે, તેમ આમાં તેવો ભાવિનો સંકેત હશે. મૃત્યુને કોઈ રોકી શકતું નથી એક સમયની પણ વધઘટ થતી નથી પણ આવા દેશ ઉદ્ધારક મહાન્ પુરૂષનું આવું કરૂણ મૃત્યુ થાય તે પ્રજાને અતિ દુઃખદાયક બને છે. મહાત્મા ગાંધીજી ભારતવર્ષની નૂતન સંસ્કૃતિના પ્રણેતા, ઘડનાર ચાલીશ કરોડ માનવીના ઉદ્ધારને ખાતર પોતાના જીવનનું બલિદાન આપી એ મહાન પુરૂષ આજે અમર થયા છે. તેમની ભવ્ય શ્મશાન યાત્રા ભૂતકાળમાં કોઈપણ દેશના ઉદ્ધારકની થઈ હોય તેમ ઇતિહાસમાં જણાયું નથી. અહિંસાના હિમાયતિ, દેશ ઉદ્ધારક અને દેશને સ્વતંત્ર અપાવનાર તે મહાન વ્યક્તિનું ભારત વર્ષના ઇતિહાસમાં સુવર્ણ અક્ષરોથી વરસોના વર્ષ સુધી નામ પૂજ્યભાવ સાથે જળવાઈ રહેશે.

હવે આપણે તેમણે મુકેલા આદર્શોને અમલમાં મુકી આવેલી સ્વતંત્રતા જાળવી રાખી પ્રાણી માત્ર પરની અહિંસા ( મન, વચન અને કાયાથી ) ટકાવી રાખીયે જેથી ભવિષ્યમાં દેશ પ્રજા સુખી, નિરોગી, સમૃદ્ધિવાન થાય તે માટે તેમજ એ મહા પુરૂષને અખંડ અનંતિ શાંતિ પ્રાપ્ત થાઓ તે માટે પરમાત્માની પ્રાર્થના કરીયે છીયે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# અમદાવાદના નગરશેઠ શ્રીકસ્તુરભાઇ મણિભાઇનો સ્વર્ગવાસ

તા. ૨૮-૧-૪૮ બુધવારના રોજ થોડો વખત માંદગી ભોગવી શ્રીકસ્તુરભાઇ શેઠ અઠ્ઠાવન વર્ષની વયે પંચત્વ પામ્યા છે. શુમારે પાંચ સૈકા અને વંશપરંપરા ( સાત પેઢી )થી ચાલતી આવતી નગરશેઠાઇ તેમને પણ વરેલી હતી. શેઠ સાહેબે જૈનસમાજની ઘણી કિંમત સેવાઓ–શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીનું બંધારણ સને ૧૯૪૨માં ઘડાયું હતું ત્યારે, પેઢીના એક કેશને અંગે વિલાયત ગયા હતા. શ્રીશત્રુંજય તીર્થના રખોપાના કેશમાં તેઓશ્રી કુનેહ રીતે દોરવણી આપી હતી. સમેત્તશિખર પહાડ ખરીદવામાં, અખીલ ભારતવર્ષિય મુનિસંમેલન મળ્યું, સફળ થયું તેમાં, મુખ્ય ભાગ તેઓશ્રીનો હતો. જૈન કોમના મુખ્ય આગેવાન તરીકે પોતાને છાજતી રીતે અનેક સેવાઓ આપી હતી. તેઓશ્રીના સ્વર્ગવાસથી સકલસંઘને એક મહાન નાયકની ખોટ પડી છે. સ્વર્ગવાસી તે આત્માને અખંડ, અનંત શાંતિ પ્રાપ્ત થાઓ એમ પરમાત્માની પ્રાર્થના કરીયે છીએ.

---

# શેઠ નાગરદાસ પુરૂષોત્તમદાસનો સ્વર્ગવાસ


શ્રીયુત શેઠ નાગરદાસ પુરુષોત્તમદાસ રાણપુરનિવાસી થોડા વખતની બિમારી ભોગવી તા. ૨૧-૨-૧૯૪૮ ના રોજ ૮૪ વર્ષની વૃદ્ધવયે પોતાના નિવાસસ્થાન રાણપુરમાં પંચત્વ પામ્યા છે. બાલ્યાવસ્થાથી સ્વશક્તિ બળે સાંસારિક વ્યાપારમાં સિંગાપુર જેવા દૂર દેશાવરમાં જઇ વાણિજ્ય કુશળતાવડે ઘણા વર્ષો રહી સારી લક્ષ્મી સંપાદન કરી હતી, અને પ્રૌઢાવસ્થાની શરૂઆત થતાં આત્મકલ્યાણ સાધવાની દષ્ટિએ દેશમાં આવી દેવ, ગુરુ, ધર્મની ઉપાસના કરવા લાગ્યા હતા. સ્વોપાર્જિત તે દ્રવ્યનો તીર્થયાત્રા, પ્રતિષ્ઠા, જીવદયા કેળવની વગેરે અનેક ધાર્મિક કાર્યોમાં સદ્‌વ્યય કરી મનુષ્ય જન્મનું સાર્થક કરી રહ્યા હતાં. સભામાં પણ જ્ઞાનોદ્ધાર માટે એક સારી રકમ આપી સાથે પેટ્રન પદ સ્વીકાર્યું હતું. શારીરિક શક્તિ ઘટતાં કેટલાક વખતથી પોતાના નિવૃત્તિ નિવાસમાં રહેવા લાગ્યા હતા. મૃત્યુ એતો કર્માધિન–કુદરતી નિયમ છે તેને કોઇ અટકાવી શકતું નથી. શેઠશ્રી નાગરદાસભાઇ માયાળુ, મિલનસાર, સરલહૃદયી અને શ્રદ્ધાવંત પુરુષ હતા. તેમના સ્વર્ગવાસથી સભાને એક ધર્મી પુરુષની ખોટ પડી છે તેમના પવિત્ર આત્માને અખંડ અનંત શાંતિ પ્રાપ્ત થાઓ તેમ પરમાત્માની પ્રાર્થના કરીએ છીએ.

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# મહાન પુરૂષ શ્રી ગાંધીજીનો સ્વર્ગવાસ.



સમગ્ર પ્રજાની અહિંસાના પ્રેરક, ઉપાસક અને અહિંસાનો પયેગામ દેશોદેશ પહોંચાડનાર, સત્યના હિમાયતિ, બ્રહ્મચર્યના પાલક દેશની આઝાદીના સર્જનહાર, જેની દુનીયામાં, એક મહાન પુરૂષ તરીકે ગણના થયેલ એવા મહાન્ નરનું તા. ૩૦-૧-૧૯૪૮ શુક્રવારના રોજ કરૂણ અવસાન થયેલું છે, જેને માટે એક સરખો પૂજ્યભાવ ધરાવનાર સમગ્ર પ્રજાને તેથી મહાન ખોટ પડી છે. સેંકડો કે હજારો વર્ષે આવા પુરૂષો દેશમાં જ્યારે પ્રજા પરતંત્રતાની બેડીમાં જકડાઈ અનેક દુઃખો અનુભવતી હોય છે ત્યારે કુદરતના નિયમ પ્રમાણે જન્મે છે અને તેને હાથે દેશનો ઉદ્ધાર થાય છે તે જોઇ વિદાય લે છે, તેમ આમાં તેવો ભાવિનો સંકેત હશે. મૃત્યુને કોઇ રોકી શકતું નથી એક સમયની પણ વધઘટ થતી નથી પણ આવા દેશ ઉદ્ધારક મહાન્ પુરૂષનું આવું કરૂણ મૃત્યુ થાય તે પ્રજાને અતિ દુઃખદાયક બને છે. મહાત્મા ગાંધીજી ભારતવર્ષની નૂતન સંસ્કૃતિના પ્રણેતા, ઘડનાર ચાલીશ કરોડ માનવીના ઉદ્ધારને ખાતર પોતાના જીવનનું બલિદાન આપી એ મહાન પુરૂષ આજે અમર થયા છે. તેમની ભવ્ય શ્મશાન યાત્રા ભૂતકાળમાં કોઇપણ દેશના ઉદ્ધારકની થઇ હોય તેમ ઇતિહાસમાં જણાયું નથી. અહિંસાના હિમાયતિ, દેશ ઉદ્ધારક અને દેશને સ્વતંત્ર અપાવનાર તે મહાન વ્યક્તિનું ભારત વર્ષના ઈતિહાસમાં સૂવર્ણ અક્ષરોથી વરસોના વર્ષ સુધી નામ પૂજ્યભાવ સાથે જળવાઈ રહેશે.

હવે આપણે તેમણે મુકેલા આદર્શોને અમલમાં મુકી આવેલી સ્વતંત્રતા જાળવી રાખી પ્રાણી માત્ર પરની અહિંસા ( મન, વચન અને કાયાથી ) ટકાવી રાખીયે જેથી ભવિષ્યમાં દેશ પ્રજા સુખી, નિરોગી, સમૃદ્ધિવાન થાય તે માટે તેમજ એ મહા પુરૂષને અખંડ અનતિ શાંતિ પ્રાપ્ત થાઓ તે માટે પરમાત્માની પ્રાર્થના કરીયે છીયે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## અમદાવાદના નગરશેઠ શ્રીકસ્તુરભાઇ મણિભાઇનો સ્વર્ગવાસ

તા. ૨૮-૧-૪૮ બુધવારના રોજ થોડો વખત માંદગી ભોગવી શ્રીકસ્તુરભાઇ શેઠ અઠ્ઠાવન વર્ષની વયે પંચત્વ પામ્યા છે. શુમારે પાંચ સૈકા અને વંશપરંપરા ( સાત પેઢી )થી ચાલતી આવતી નગરશેઠાઇ તેમને પણ વરેલી હતી. શેઠ સાહેબે જૈનસમાજના ઘણી કિંમત સેવાઓ–શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીનું બંધારણ સને ૧૯૪૨માં ઘડાયું હતું ત્યારે, પેઢીના એક કેશને અંગે વિલાયત ગયા હતા. શ્રીશત્રુંજય તીર્થના રખોપાના કેશમાં તેઓશ્રી કુનેહ રીતે દોરવણી આપી હતી. સમેત્તશિખર પહાડ ખરીદવામાં, અખીલ ભારતવર્ષિય મુનિસંમેલન મળ્યું, સફળ થયું તેમાં, મુખ્ય ભાગ તેઓશ્રીનો હતો. જૈન કોમના મુખ્ય આગેવાન તરીકે પોતાને છાજતી રીતે અનેક સેવાઓ આપી હતી. તેઓશ્રીના સ્વર્ગવાસથી સકલસંઘને એક મહાન નાયકની ખોટ પડી છે. સ્વર્ગવાસી તે આત્માને અખંડ, અનંત શાંતિ પ્રાપ્ત થાઓ એમ પરમાત્માની પ્રાર્થના કરીયે છીએ.

---

## શેઠ નાગરદાસ પુરૂષોત્તમદાસનો સ્વર્ગવાસ

શ્રીયુત શેઠ નાગરદાસ પુરુષોત્તમદાસ રાણપુરનિવાસી થોડા વખતની બિમારી ભોગવી તા. ૨૧-૨-૧૯૪૮ ના રોજ ૮૪ વર્ષની વૃદ્ધવયે પોતાના નિવાસસ્થાન રાણપુરમાં પંચત્વ પામ્યા છે. બાલ્યાવસ્થાથી સ્વશક્તિ બળે સાંસારિક વ્યાપારમાં સિંગાપુર જેવા દૂર દેશાવરમાં જઇ વાણિજ્ય કુશળતાવડે ઘણા વર્ષો રહી સારી લક્ષ્મી સંપાદન કરી હતી, અને પ્રૌઢાવસ્થાની શરૂઆત થતાં આત્મકલ્યાણ સાધવાની દૃષ્ટિએ દેશમાં આવી દેવ, ગુરુ, ધર્મની ઉપાસના કરવા લાગ્યા હતા. સ્વોપાર્જિત તે દ્રવ્યનો તીર્થયાત્રા, પ્રતિષ્ઠા, જીવદયા કેળવની વગેરે અનેક ધાર્મિક કાર્યોમાં સદ્વ્યય કરી મનુષ્ય જન્મનું સાર્થક કરી રહ્યા હતાં. સભામાં પણ જ્ઞાનોદ્ધાર માટે એક સારી રકમ આપી સાથે પેટ્રન પદ સ્વીકાર્યું હતું. શારીરિક શક્તિ ઘટતાં કેટલાક વખતથી પોતાના નિવૃત્તિ નિવાસમાં રહેવા લાગ્યા હતા. મૃત્યુ એતો કર્માધિન–કુદરતી નિયમ છે તેને કોઇ અટકાવી શકતું નથી. શેઠશ્રી નાગરદાસભાઇ માયાળુ, મિલનસાર, સરલહૃદયી અને શ્રદ્ધાવંત પુરુષ હતા. તેમના સ્વર્ગવાસથી સભાને એક ધર્મી પુરુષની ખોટ પડી છે તેમના પવિત્ર આત્માને અખંડ અનંત શાંતિ પ્રાપ્ત થાઓ તેમ પરમાત્માની પ્રાર્થના કરીએ છીએ.

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## આ માસમાં નવા થયેલા માનવંતા સભાસદો.

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | શ્રી વર્દ્ધમાન જૈન તત્ત્વ પ્રચારક વિદ્યાલય હા. શાહ ગુલાબચંદજી વનાજી | (૧) | લાઇફ મેમ્બર | શિવગંજ |
| ૨ | શેઠ છોટાલાલ વીરચંદ | (૧) | ,, | મીયાંગામ |
| ૩ | શેઠ ચુનીલાલ નગીનદાસ જીવણજી | (૧) | ,, | નવસારી |
| ૪ | ,, ચીમનલાલ હંસરાજ | (૧) | ,, | પ્રભાસપાટણ |
| ૫ | ,, પ્રાણલાલ કીરચંદ સુંદરજી | (૧) | ,, | અમૃતસર |
| ૬ | શાહ ચુનીલાલ ઉમેદચંદ | (૧) | ,, | જોરાવરનગર |
| ૭ | ,, કેશવલાલ મંગળચંદ | (૧) | ,, | મુંબઇ |
| ૮ | ,, કેશવલાલ કીલાચંદ | (૧) | ,, | ,, |
| ૯ | વહોરા મંગળદાસ નરશીદાસ | (૧) | ,, | જોરાવરનગર |
| ૧૦ | શ્રી ડહેલાનો જૈન ઉપાશ્રય હા. શેઠ પન્નાલાલ ઉમાભાઈ | (૧) | ,, | અમદાવાદ |
| ૧૧ | શ્રી ઉજમબાઈની ધર્મશાળા હા. શેઠ કેશવલાલ દલસુખભાઇ | (૧) | ,, | ,, |
| ૧૨ | શ્રી સોમચંદ ડી. શાહ | (૧) | ,, | પાલીતાણા |
| ૧૩ | શેઠ હરકીશનદાસ કેશવજી માણેકચંદ | (૧) | ,, | શાંતાક્રુઝ |
| ૧૪ | શાહ લક્ષ્મીચંદ દામજી | (૧) | ,, | મુંબઇ |

---

## બીજા વર્ગમાંથી પ્રથમ વર્ગમાં આ માસમાં વધારે થયેલા માનવંતા લાઇફ મેમ્બરો

૧ ભાવસાર કેશવલાલ જીવરાજ — ભાવનગર.

---

## ૧ હવે પછીના બે ભેટનાં અપૂર્વ ગ્રંથો

શ્રી વસુદેવ હિંડી ( અનુવાદ ) કિંમત રૂા. ૧૨-૮-૦ શ્રી શાંતિનાથ ચરિત્ર સચિત્ર કિંમત રૂા. ૭-૮-૦ મલી રૂા. ૨૦) વીશની કિંમતના બે ઉત્તમ અપૂર્વ સાહિત્યના ગ્રંથો પેટ્રન સાહેબો તથા પ્રથમ વર્ગના લાઇફ મેમ્બરોને ( બહારગામ નિવાસીને ) પોસ્ટેજ પુરતા રૂા. ૧-૬-૦ નાં વી. પી. થી મોકલવાનું કાર્ય પૂર્ણ થયું છે, હવે પછી છપાતાં ૧ શ્રી પાર્શ્વનાથ પ્રભુ ચરિત્ર તથા શ્રી નળ દમયંતી ચરિત્ર સચિત્ર મ્હોટા પુસ્તકો ભેટ આપવામાં આવશે.

---

## ભેટના બે ગ્રંથો.

શ્રી વસુદેવ હિંડી તથા શ્રી શાંતિનાથ પ્રભુ ચરિત્ર ( રૂા. ૨૦ ) ની કિંમતના બે ગ્રંથો અમારા માનવંતા પેટ્રન સાહેબો અને પ્રથમ વર્ગના લાઇફ મેમ્બરોને પોસ્ટેજ પુરતા વી. પી. થી મોકલી આપ્યા છે. બહારગામના જે સભ્યો સાહેબને ન મળ્યા હોય તેમણે અમોને લખી જણાવવું.

---

## બીજા વર્ગના લાઇફ મેમ્બરોને સુચના.

બહારગામના સભ્ય સાહેબોએ પણ ન મળ્યા હોય તેઓશ્રીએ ધારા પ્રમાણે ભેટ મંગાવી લેવા નમ્ર સુચના છે. અને સ્થાનિક સભ્યોએ સભાએથી લઇ જવા સુચના છે.

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 314

## નવા થનારા સભાસદોને નમ્ર સુચના.

ફાગણ વદી ૩૦ સુધીમાં રૂા. ૧૦૧) એકસો એક આપી નવા થનાર પ્રથમ વર્ગના લાઇફ મેમ્બરોને, તેમજ હાલ **બીજા વર્ગમાં** જે લાઇફ મેમ્બરો છે તે બંધુઓ ઉપરની મુદત સુધીમાં રૂા. ૫૦) વધારે આપી પ્રથમ વર્ગનાં લાઈફ મેમ્બરો થશે તેમને, ઉપર પ્રમાણેના રૂા. વીશની કિંમતના બંને ગ્રંથો ધારા પ્રમાણે ભેટ આપવામાં આવશે, અને તે પછી છપાતાં દરેક સભાના ગ્રંથો પોસ્ટેજ પૂરતાં વી. પી. થી ભેટ મળશે. પણ ફાગણ માસ પછી બીજા વર્ગમાંથી પહેલાં વર્ગમાં લેવાનું બંધ થવા સંભવ છે.

---

## અમારૂં સાહિત્ય પ્રકાશન.

૧. શ્રી કથારત્નકોશ. ૨. શ્રી પાર્શ્વનાથ પ્રભુ ચરિત્ર. ૩. નળદમયંતી ચરિત્ર.

( છપાય છે. )

---

## અમારૂં નવું પ્રકાશન.

### શ્રી દ્વાદશાર નયચક્રસાર-ગ્રંથ ( મૂળ ટીકા સાથે )

( યોજનામાં )

તાર્કિક શિરોમણિ, નયવાદપારંગતવાદીપ્રભાવક **આચાર્યશ્રી** મલ્લવાદિ ક્ષમાશ્રમણ વિરચિત મૂળ અને ટીકાના પ્રણેતા સમર્થ તાર્કિક આચાર્યશ્રી સિંહસૂરગણિ ક્ષમાશ્રમણ એકંદરે સ્વપર વાઙ્મય વિષયક પાંડિત્યના ક્ષેત્રમાં કેવું વિશાલ પ્રભુત્વ ધરાવતા હતા ? તે આ અપૂર્વ ગ્રંથ બતાવે છે; તેમજ આ ગ્રંથના પ્રકાશનથી વિદ્યમાન-અવિદ્યમાન ભારતના આર્યદાર્શનિક સાહિત્ય અને તેને લગતા ઇતિહાસ ઉપર વિશિષ્ટ પ્રકારે પ્રકાશ પાડતો આ નયનો અઢારહજાર શ્લોક પ્રમાણ અપૂર્વ ગ્રંથ છે. કે જે વિદ્વાનો, સાહિત્યક્ષેત્રમાં રસ ધરાવનાર આમજનતાને પણ રસપ્રદ બનશે. આ માસિકમાં આવતી લેખમાળા અને વિશિષ્ટ સંશોધન અને સંપાદનને લગતો સર્વ વિભાગ શાન્તમૂર્તિ આચાર્ય ભગવાન **શ્રી સિદ્ધિસૂરિશ્વરજીના** વિદ્વાન શિષ્ય આચાર્યશ્રી વિજયમેઘસૂરીશ્વરજીના મહાનુભાવ શિષ્ય શ્રી ભુવનવિજયજીના વિદ્વાન શિષ્ય મુનિવરશ્રી **જંબુવિજયજી** મહારાજે આ સભા ઉપર કૃપા કરી તે ભાર સ્વીકારી લીધો છે. આ અંકમાં તેમજ હવે પછીના માસિકમાં તે માટેના લેખો વાંચવા જૈન બંધુઓ બ્હેનોને નમ્ર સુચના છે. જેમ બને તેમ વેળાસર અમારા તરફથી છપાવવાનું કામ શરૂ થશે.

૨ શ્રી શ્રેયાંસનાથ પ્રભુ ચરિત્ર. ૩ શ્રી સુમતિનાથ પ્રભુ ચરિત્ર ભાષાંતરો થાય છે. આર્થિક સહાયની અપેક્ષા છે.

---

### ૨ શ્રી શાંતિનાથ ચરિત્ર—શ્રી અજિતપ્રભસૂરિકૃત.

મૂળ ઉપરથી ગુજરાતી ભાષાંતર સુંદર-સરલ-વિવિધ રંગોના સુંદર ચિત્રો સાથે, ઉંચા કાગળો ઉપ, સુંદર ગુજરાતી ટાઇપમાં છપાઇ ગ્રંથો છે. પાકા બાઇન્ડીંગથી અલંકૃત થયેલ છે. દેવાધિદેવ શ્રી શાંતિનાથ પ્રભુના દરેક ભવોનું અપૂર્વ સ્વરૂપ અનેક બીજી અંતર્ગત કથાઓ, બાર વ્રત અને બીજા વિષયો ઉપરની દેશના, અનુકંપા( જીવદયા )નું અદ્દભૂત, અપૂર્વ, અનુપમ વૃત્તાંત આ ચરિત્રમાં આવેલ છે જે મનન કરવા જેવું છે. કીંમત રૂા. ૭-૮-૦ ( પોસ્ટેજ જુદું )

---

મુદ્રક: શાહ ગુલાબચંદ લલ્લુભાઇ : શ્રી મહોદય પ્રિન્ટિંગ પ્રેસ : દાણાપીઠ-ભાવનગર.

For Private And Personal Use Only